'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

## ॥ ૨ ॥





પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

# પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।
પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)
ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

॥ ॐ अर्हं नमः ॥ नमो वीयरागाय ॥

नमो अरिहंताणं।

नमो सिद्धाणं।

नमो आयरियाणं।

नमो उवज्झायाणं।

नमो लोए सव्वसाहूणं।

एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो।

मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं॥१॥

॥ इति नमस्कारसूत्रं ॥

**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર શ્રી નવકાર

॥ ૨ ॥

પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ※ આચાર્ય હેમપ્રભસૂરિ

☐ **PARAM BHADRANKAR SHRI NAVKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Shri Navkar Mahamantra and experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

☐ **VOLUME - 2**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 500 Copies / 124 Pages • For Private Circulation only.

---

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

---

☐ **SPONSOR**


---

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra




પૂજ્યપાદ્ અધ્યાત્મયોગસંપન્ન પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીએ નમસ્કાર મહામંત્રનું જે ઊંડુ ચિંતન કર્યું છે, અનુપ્રેક્ષા કરી છે, તે હૃદયસ્થ કરેલા ચિંતનને શબ્દસ્થ કર્યા અને એ શબ્દસ્થ રોજનીશીઓમાંથી ચૂંટેલી શ્રી નમસ્કાર મહામંત્રની અનુપ્રેક્ષાઓ આપણી સમક્ષ છે. એક ચિંતનમાં અદ્ભૂત રીતે નવકાર મહામંત્રનું હાર્દ પ્રગટ કરતાં પૂજ્યશ્રીએ જણાવ્યું છે કે: ''આપણને જે કાંઈ મળ્યું છે, તે પંચ પરમેષ્ઠિ ભગવંતોની કૃપાથી ભેટરૂપે મળ્યું છે. 'અમે મેળવ્યું છે' એ ભાવમાં અહંભાવ પોષાય છે. 'અમને મળ્યું છે' એ ભાવમાં કૃતજ્ઞતા પોષાય છે. 'જે કાંઈ મળ્યું છે, તે ભેટરૂપે મળ્યું છે,' એ ભાવ કેળવાયા વિના નવકાર નહીં ઉગે અને નવકાર ઉગ્યા વિના કોઈપણ પ્રકારની આધ્યાત્મિક સાધના શક્ય નથી. નવકાર એટલે વિનય, વિનય એટલે કૃતજ્ઞતા, કૃતજ્ઞતા એટલે પ્રાપ્ત સર્વનો ભેટરૂપે સ્વીકાર. શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો તેમની કરૂણા વડે માંગ્યા વિના પણ આપે છે, આપણી યોગ્યતા વિના પણ આપે છે.''

આપણને આ નૂતન... નાનું હસ્તાક્ષર સાહિત્ય પ્રાપ્ત કરાવવામાં પ્રભુ-ગુરૂભક્તાત્મા રાજકોટના અમારા સુશ્રાવક **દિપકભાઈના સુશ્રાવિકા ભારતીબેન**નો ગુરૂ ઉપરનો પ્રેમ તથા નવું નમસ્કાર મહામંત્રનું દોહન આપણા સુધી પહોંચાડવામાં આર્થિક દાનવીર ઉપકારી સુશ્રાવકરત્ન **સી. કે. મહેતા**ની ગુરૂભક્તિ કાયમ અવિસ્મરણીય રહેશે.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





## નવકારમાં વિશિષ્ટ રીતે ૩ લક્ષ

નવકારમાં કૃતજ્ઞતા, નિઃસ્પૃહતા અને નિશ્ચિંતતા -
ત્રણે લક્ષ એકસાથે રહેલાં છે.

કૃતજ્ઞતાનો સંબંધ માનવતા સાથે, નિઃસ્પૃહતાનો સંબંધ
તેજસ્વિતા અને નિશ્ચિંતતાનો આનંદમયતા સાથે છે.
નિશ્ચિંતતામાં પરમ આસ્તિકતા છે.

## નમસ્કાર કોને?

ધર્મને, નમસ્કાર ધર્મને ધારણ કરનાર સૌ મહાપુરૂષોને
અને ધર્મને કહેનાર તીર્થંકર પરમાત્માઓને.

તીર્થંકરો નમસ્કારભાવની ટોચે પહોંચેલા હોવાથી આપણા
પ્રભુ, ત્રાણ, શરણ, આદર્શ, પરમ આલંબનભૂત બને છે.

મોટામાં મોટો કોઈ મંત્ર હોય તો તે નમસ્કાર મંત્રના
પ્રથમ પદરૂપ 'નમો અરિહંતાણં' એ ૭ અક્ષરનો મહામંત્ર છે.
જે અરિહંતોને નમે, તે સર્વ ધર્મને નમે છે.
અરિહંત ભગવંતો ધર્મમય છે.
આદિ, મધ્ય અને અંત - ત્રણે અવસ્થામાં ધર્મસ્વરૂપ છે.

ધર્મકાય, કર્મકાય અને તત્ત્વકાયરૂપ ત્રણે અવસ્થાઓને ધ્યેયરૂપ કરીને પરમપદને પામનારા - પમાડનારાં છે, માટે તેમને કરોડોની સંખ્યામાં કરેલો નમસ્કાર પણ અલ્પાલ્પ છે.

અરિહંતોને કોટિ કોટિ નમસ્કાર હો.

ભવોભવ તેમનો નમસ્કાર પ્રાપ્ત થાઓ.

કહ્યું છે કે : દીવો, તાણં, સરણં, ગઈ, પઈટ્ઠા ।

નમસ્કાર પદાર્થ એ સ્નેહનો પરિણામ છે.

મનુષ્યનું ૦।। આયુષ્ય આહાર અને નિદ્રામાં, બાકીનું ૦।। બાલ્ય - કૌમાર - વૃદ્ધાવસ્થામાં તથા અર્થ - કામમાં જાય છે.

નવકાર = નામબ્રહ્મ. તે સર્વને દેખાય - અનુભવાય છે. એ નામબ્રહ્મ સાથે જ્યારે નાદબ્રહ્મનો સંયોગ થાય, ત્યારે પ્રભુને પ્રગટ થવું જ પડે છે. તેનું જ નામ 'મંત્રચૈતન્ય' છે.

નવકારથી માનવતા, તેજસ્વિતા, નિશ્ચિંતતા પ્રાપ્ત થાય છે કારણ કે તેમાં કૃતજ્ઞતા, નિઃસ્પૃહતા, આનંદમયતા રહેલા છે. તે ત્રણે વસ્તુ નમસ્કાર વડે એકસાથે પ્રગટ થાય છે. નવકારથી કામનાશૂન્ય બનાય તથા બુદ્ધિ તેજસ્વી બને છે.

અલ્પ બુદ્ધિ તેજસ્વી છે કે જે વિચારે છે:

'મારે કશું જોઈતું નથી, બીજાની કૃપાથી તો કશું જ નહિ.'

નમસ્કારભાવ માટે પ્રથમ તો એ ભાન થવું જોઈએ કે:

'હું શુદ્ધ છું,

મારા વિના જગત ચાલશે, જગત વિના મારે નહિ ચાલે.

આ જગતમાં મારી કોઈને જરૂર નથી, મારે સૌની છે.'

વળી એ ભાન થવું જોઈએ કે: 'હું શુદ્ધ છું પણ વિભુ પ્રભુનો છું', 'હું પ્રભુ નથી પણ પ્રભુનો અંશ છું' અને ત્રીજું ભાન કે: 'હું અને પ્રભુ એક જ છીએ, હું દેહભાવે દાસ, અંશભાવે પ્રભુભક્ત અને પૂર્ણભાવે બ્રહ્મ છું.'

ત્રણ પ્રકારની સમજણ નમસ્કારને પૂર્ણ બનાવે છે:

'હું શુદ્ધ છું માટે કૃતાર્થ છું. હું અંશ છું માટે નિઃસ્પૃહ છું.

હું પૂર્ણ છું માટે નિશ્ચિંત છું.'

જેમ રોગી પાસે બેસવાથી રોગી થવાય પણ નિરોગી પાસે બેસવાથી નિરોગી થવાય જ, એવો નિયમ નથી, આ જ નિયમ સત્સંગતિ માટે પણ સમજવો.

નમો લોક મંગલં । નમવું જ લોકમાં મંગળરૂપ છે.
લોકમાં મંગળભૂત વસ્તુ હોય તો તે ભગવાનનો સ્નેહ છે
અને તેથી જ તે નમસ્કરણીય, આદરણીય, પૂજનીય છે.
જાણવો તે સ્નેહને love for the truth કરે છે.

નમસ્કારનો લાભ સર્વ પાપનો નાશ કરે છે,

પરન્તુ એ લાભ ઉત્પન્ન થાય છે શેમાંથી ?

કૃતજ્ઞતાભાવમાંથી. એ કૃતજ્ઞતાભાવ શેમાંથી ઉપજે છે?

જાણવો કરેલા ઉપકારના સ્મરણમાંથી.

એ ઉપકાર કરવાની શક્તિ જાણમાં રહેલી છે કે કેમ?
એ નિર્દેશના આધારે જ કૃતજ્ઞતા અને નમ્રતા વિકસી શકે.

એ શક્તિ શુદ્ધાત્માઓમાં અવશ્ય રહેલી છે.

તેનું અવલંબન લેવા માત્રથી તે પોતાનું કાર્ય કરે છે.

'નમો લોક મંગલં' એ મહામંત્ર શા માટે?

જેને યાદ કરવામાત્રથી જીવોના પાપો નાશ પામે તથા
સર્વ મંગળોમાં ઉત્કૃષ્ટ એવો શુભનો લાભ થાય છે,
તેથી 'નમો લોક મંગલમ્ ।' એ મહામંત્ર બને છે.

ણમો = નમસ્કાર = લાભ.

અરિહંતાણં = ચરણ = ચારિત્ર.

નમસ્કારની શક્તિથી નમસ્કારમાં નમસ્કારની ઉત્પત્તિ થાય છે. નમસ્કાર અને ચરણની જેમ લાભ અને ક્રિયા જ્યારે એકત્ર થાય છે, ત્યારે તેના અંદર પાપનાશ અને કર્મનાશની અપૂર્વ વિદ્યુત શક્તિ પેદા થાય છે.

નવકારના પહેલાં પાંચ પદમાં ૬ બિંદુ અને છેલ્લા ચાર પદમાં ૭ બિંદુ મળીને કુલ ૧૩ બિંદુ છે.

સર્વ મંગલની ગાથામાં કુલ ૮ બિંદુ છે.

જેમ બિંદુની અધિકતા, તેમ માહાત્મ્ય અધિક બને છે.

નવકાર જાપથી પાપનાશ એ ફળ છે, જે પહેલું મંગલ છે.

પહેલાં ૫ - છેલ્લા ૪ પદોને ફૂલ - સુગંધ જેવો સંબંધ છે.

નવકારના ૫ પદો ફૂલના તો ૪ પદો સુગંધના સ્થાને છે.

શિખરને મંદિરથી છૂટાં ન પાડી શકાય.

ધર્મ કરવા સાથે કરેલા ધર્મનો આનંદ પણ માણવો જોઈએ.

અલ્પકાળના આનંદ માટે અનંતકાળનું દુઃખ ખરીદાય નહિ.

# નવકાર મહામંત્રનો મહિમા અને પ્રભાવ

યશઃ કીર્તિઃ બલં લક્ષ્મીઃ વિવિધં ચ મહોત્સવમ્ ।
નવં નવં પ્રમોદં ચ લભતે નાત્ર સંશયઃ ॥

નવકારનો પ્રભાવ એ સ્નેહ પરિણામ,
તેનો પ્રભાવ સકલસત્ત્વહિતાશયરૂપ સર્વવિરતિ પરિણામ,
તેનો પ્રભાવ અપ્રમત્તભાવ, તેનો પ્રભાવ શુક્લધ્યાન અને ક્ષપકશ્રેણી આરોહણ છે, તેનો પ્રભાવ ઘાતિકર્મનો ક્ષય અને કેવળજ્ઞાન, તેનો પ્રભાવ શૈલેશીકરણ અને અઘાતિકર્મનો ક્ષય તથા એ બંનેનો પ્રભાવ સકલ કર્મનિર્મોક્ષ અને શાશ્વત અવ્યાબાધ પરમપદની પ્રાપ્તિ.
નવકારથી થાય મોક્ષસુખનો લાભ, સ્વસ્વરૂપની પ્રાપ્તિ,
આત્મસાક્ષાત્કાર, સર્વ જીવોને ઉપકાર,
અનંતકાળ માટે અપકારથી નિવૃત્તિ અને ઉપકારમાં પ્રવૃત્તિ.

નમો = તપ = પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ.

લોએ = સ્વાધ્યાય = ત્રિવિધ જપ.

મંગલં = ઈશ્વરપ્રણિધાન = કાયોત્સર્ગ અને ધ્યાન.

## નમસ્કાર અને દાન

નમસ્કાર દુષ્કૃતમાં હેયબુદ્ધિ પેદા કરીને
તેના અનુબંધનો સંપૂર્ણ વિચ્છેદ કરે છે,
સુકૃતમાં ઉપાદેયબુદ્ધિ જન્માવી તેનો અનુબંધ પાડે છે,
સર્વ ગુણાધિકોનું સ્મરણ કરાવી
વિશિષ્ટ કર્મનો વિનાશ કરે છે અને તે દ્વારા સૌના મનની
શાંતિ તથા શરીરના સ્વાસ્થ્યનું કારણ પણ બને છે.
ગુણાધિકોનું ધ્યાન સ્વભાવથી જ રક્ષા કરનારું બને છે.
નમસ્કાર ગુણાધિકના સ્મરણ સ્વરૂપ હોઈ રક્ષાનો હેતુ છે,
દુષ્કૃતમાં હેયબુદ્ધિરૂપ અને સુકૃતમાં મંગળબુદ્ધિરૂપ હોઈ
અકુશળ અનુબંધનો છેદકારી અને
કુશળાનુબંધનો ઉત્પાદકારી છે, તેથી નમસ્કાર એ
અચિંત્ય ચિંતામણિ રત્ન લાભાદિનું સાધન છે.
૯ પ્રકારના દાનમાં
નમસ્કારનું દાન જ સર્વશ્રેષ્ઠ મનાયું છે.
પંચ પરમેષ્ઠિ નમસ્કારથી ઉત્કૃષ્ટ પુણ્ય બંધાય છે.

અ સિ આ ઉ સા એટલે પંચપરમેષ્ઠિ.

(a) સિદ્ધો ધર્મના દાતા છે.

(b) અરિહંતો ધર્મના ઉપદેશક છે.

(c) આચાર્યો ધર્મના નાયક, જિનાગમનો ઊંડો સ્વાધ્યાય કરનારા, શ્રુત-ચારિત્ર ધર્મ પાળવા સર્વવિરતિધર હોય છે.

(d) ઉપાધ્યાયો ધર્મસારથિ - પ્રવર્તક, પ્રાયશ્ચિતાદિ વડે શુદ્ધિ કરનારા, દમન (અંકુશ) દ્વારા સમિતિ-ગુપ્તિના પાલક.

(e) સાધુઓ ધર્મચક્રને પ્રવર્તાવનાર, ધર્મવરચક્રવર્તી તથા દાન-શીલ-તપ-ભાવથી ૪ ગતિનો અંત કરનાર હોય છે.

નામ અરિહંત = અરિહંતનું નામ.

સ્થાપના અરિહંત = અરિહંતની આકૃતિ.

દ્રવ્યઅરિહંત = જન્મથી માંડી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી.

ભાવઅરિહંત = કેવળજ્ઞાન પામ્યા મોક્ષે જાય ત્યાં સુધી.

શ્રી નમસ્કાર મંત્રની ચૂલિકામાં સુકૃતની અનુમોદના છે.

અનુમોદનાથી સુકૃતનું ફળ અનેકગણું વધે છે.

પરમેષ્ઠિઓને નમસ્કાર એ પરમ સુકૃત છે.

'નમઃ' મહામંત્ર મોક્ષ - સર્વ પ્રકારની સંપત્તિનું બીજ છે.

વષટ્ વૌષટ્ શરીરાણિ પ્રાણાન્ સ્વાહા તથા સ્વધા ।
હું ફડિતિ તયોઃ સંધીન્ નિવૃત્તૌ પ્રણિપાતયેત્ ॥૩॥

ભાવાર્થ: નમઃ મંત્ર પછી વષટ્ - વૌષટ્નો પ્રયોગ શરીરને નિવૃત્તિમાં પ્રણિપાત કરે, સ્વાહા અને સ્વધા એ પ્રાણોને નિવૃત્તિમાં મૂકે અને હું ફટ્ એ શરીર અને પ્રાણોને સાંધનાર સંધિસ્થળ (મન)ને નિવૃત્તિમાં મૂકે છે. શરીર સંઘાત માત્રમાં શરીર, પ્રાણ અને સંધિ એ ત્રણે હોય છે.

હું = nuclear fusion (સંગઠન શક્તિ).

ફટ્ = nuclear fission (સ્ફોટક શક્તિ).

ભૂતાપસારણાદિમાં ફટ્ અને કુંડલિની જાગરણમાં હું ઘણો ઉપયોગી છે, એમ બંગાળી જપસૂત્રમ્, ૫/૩૦૭માં કહ્યું છે.

માનવદેહમાં સર્વ નાડીઓ અથવા તો શક્તિઓનું ઉદ્ગમસ્થાન કે મિલનસ્થળ નાભિને માન્યું છે.

શરીરમાં તે નાભિ જો સ્વસ્થાને, મૂળસ્થાને હોય, તો તે યંત્ર સુવ્યવસ્થિત અને સંપૂર્ણ શક્તિપૂર્વક કાર્ય કરે.

# પ્રભુનું નામ

નામમાં જેટલો પ્રભુ આવે, તેટલો વેદમાં પણ આવતો નથી.

ભગવન્નામ ભગવાનનું પૂર્ણ સ્વરૂપ છે.

ટેટામાં વડની જેમ ૐ નામમાં સમસ્ત પરમાત્મા સમાય છે.

આર્તો ભગવાન જેને જપતો હોય,

તેને માટે નામ સિવાય કોઈ આરો જ નથી.

બાકી બધાં સાધન હશે પણ

નામ તો એક માત્ર સાધન છે.

નામ તો સાધ્ય સાથે સાધન પણ હોય છે.

નામમાં નામી આવી જાય છે.

જેમને નામજપમાં શ્રદ્ધા કે પ્રીતિ ન જાગતી હોય,

તે કોઈક ઠેકાણે સદોષ છે, એમ જાણવું.

ૐને પરમાત્માનું નામ કહ્યું છે.

'છન્દસાં ઋષભઃ |' અને 'વિશ્વરૂપઃ' કહ્યું છે.

સૌ સાધનાનો જો કોઈ એકમાત્ર સત્વશીલ સાર હોય,

તો તે પ્રભુનું નામ જ છે.

## પંચ પરમેષ્ઠિ અને ૧૨ સ્વર

અ આ = અરિહંત, ઇ ઈ ઉ ઊ = સિદ્ધ, એ ઐ = આચાર્ય,

ઓ ઔ = ઉપાધ્યાય, અં અઃ = સાધુ.

નમઃ = પૂજા = દ્રવ્ય - ભાવસંકોચ.

નમઃ પૂજા અર્થમાં છે. પૂજા દ્રવ્ય-ભાવસંકોચ અર્થમાં છે.
દ્રવ્યસંકોચ = દ્રવ્યસ્તવ તથા ભાવસંકોચ = ભાવસ્તવ.
અહીં સ્તવ કે સંકોચ એ સંવરસ્વરૂપ છે,
એટલે નમઃ એ દ્રવ્ય - ભાવસંવરરૂપ બને છે.
દ્રવ્યસંવર એ આવતાં કર્મને રોકવારૂપ છે.
ભાવસંવર એ કર્મના નિરોધરૂપ છે.
નમઃથી દ્રવ્યકર્મનો અને ભાવકર્મનો આસ્રવ રોકાય છે.
નમસ્કારના પ્રારંભમાં વૈરાગ્ય, પૂર્ણતામાં વીતરાગભાવ છે
અથવા નમસ્કારના પ્રારંભમાં મિથ્યાત્વનો સંવર છે,
નમસ્કારની પૂર્ણતામાં શૈલેશીકરણયોગનો સર્વથા નિરોધ છે.
સર્વ સંવરભાવરૂપ નમસ્કાર એ પૂર્ણ નમસ્કાર છે.
તેનું સાધન દેશસંવરરૂપ દ્રવ્ય - ભાવસંકોચ છે.

નમસ્કાર મંત્રમાં અજબ ખૂબી એ છે કે
જેમ જેમ તેનું સ્મરણ કરવામાં આવે,
તેમ તેમ ધર્મ પ્રત્યે અનુરાગ પ્રગટ થતો જાય છે અને
છેવટે મનુષ્ય ધર્મપરાયણ બની જાય છે.

મંગળમય નામજપ કરવાથી ત્રિકરણ શુદ્ધિ થાય છે, તેથી આત્મબળ વધે છે, વિઘ્નોનું શમન થાય છે અને ઇષ્ટની સિદ્ધિ થાય છે. સુપ્ત મંડિત પ્રબોધ દર્શનાદિ અથવા સુપ્ત તીર્થ મહાબોધિ ન્યાય અહીં લાગુ પડે છે.

एसो अणाइकालो अणाइजीवो अणाइजिणधम्मो ।
तइया वि ते पढंता एसुच्चिय जिण-नमुक्कारो ॥१॥

નવકારના સ્મરણનો પ્રભાવ

મરણ વખતે સમાધિ રહે, પરલોકમાં સુગતિ ઉપરાંત
સુકુળ મળે, બોધિરત્ન મળે અને અંતે પરમપદ મળે,
તે બધા પ્રભાવ એક નવકારના સ્મરણમાં છે.
ઉત્તમ જન્મ, સુંદર જીવન અને સમાધિ મરણ-
એ નવકારનાં આ લોકનાં પ્રત્યક્ષ ફળ છે.

# નમસ્કારનો ચમત્કાર

શત્રુ મિત્ર બને, વિષ અમૃત બને,
નિર્જન અરણ્યવાસગૃહ બને, સિંહ શિયાળ બને,
મદોન્મત્ત હાથી હરણીયાનું આચરણ કરે,
વિપત્તિ સંપત્તિ થાય, રોગ ભોગ માટે થાય,
મરણ સદ્‌ગતિનું કારણ બને અર્થાત્
જેનો મહિમા મનથી કલ્પી ન શકાય,
ચિત્તથી ચિન્તવા અને બુદ્ધિથી વિચારી ન શકાય,
તેવા જે કોઈ બનાવો વિશ્વમાં બનતાં અનુભવાય છે,
તેની પાછળ ચમત્કાર નમસ્કારનો જ છે.
એ નમસ્કાર તે ભાવનમસ્કાર કે નમસ્કારભાવ છે.
જીવરાશિ ઉપર સ્નેહનો પરિણામ -
એ જ નમસ્કારભાવનો તાત્પર્યાર્થ અને રહસ્યાર્થ છે.
એવા ચમત્કારીક નમસ્કારભાવની સહાયથી જ
સર્વ તીર્થંકરો, સર્વ ગણધરો તથા
સર્વ મહામુનિવરો પરમપદને પામે છે.

ધર્મકર્મનો ધ્વનિ અને સત્કર્મનું નવનીત નમસ્કાર છે.
નમસ્કારઃ નમસ્કારઃ મુક્તેરુપાયઃ મતો જિનૈઃ ।। અર્થાત્ઃ

મન અથવા ભાવપૂર્વક કરેલ નમસ્કાર

પરમાત્મા વડે મુક્તિનો ઉપાય કહેવાયેલો છે.

નમસ્કારને જિનેશ્વરોએ મુક્તિનો ઉપાય કહ્યો છે, કારણ કે
નમસ્કાર એ મનમાં થતી સર્વોત્કૃષ્ટ પવિત્ર ક્રિયા છે.
સર્વોત્કૃષ્ટ એટલા માટે કે તે અહંકારનો નાશ કરે છે
અને સાધકની અંદરના આત્મભાવને પ્રકાશિત કરે છે.
કર્મકૃત ભાવો યથા મદ તથા માનનો તેમાં ત્યાગ થાય છે
અને સાધકના શુદ્ધ આત્મભાવનો સ્વીકાર થાય છે.
નમસ્કાર એ ધર્મ-કર્મનો સાર અને મહામુક્તિનો ઉપાય છે.
નમસ્કાર એ સદ્ધર્મ કર્મરૂપી દધિનું નવનીત છે અને
સર્વ ધર્મકર્મરૂપી કાવ્યનો ધ્વનિ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:

क्षुद्राः प्रत्यात्मसाम्येन पर्यायाः परिभाविताः ।
अशुद्धोऽप्यपकृष्टत्वात् नोत्कर्षाय महामुनेः ॥ १ ॥

– જ્ઞાનસાર અષ્ટક

અરિહંતના નમસ્કારથી આસ્તિક્યાદિ ૫ લક્ષણો પ્રગટ થાય.
આસ્તિક્યને સૂચવતાં ૬ સ્થાન: આત્માનું અસ્તિત્વ, નિત્યત્વ, કર્મનું કર્તૃત્વ, કર્મફળનું ભોક્તૃત્વ, કર્મબંધનું નાસ્તિત્વ અને તે માટેના ઉપાયોનું આસ્તિક્ય પ્રકટીને અનુક્રમે અનુકંપા, નિર્વેદ, સંવેગ અને ઉપશમ ગુણ આવિર્ભાવ પામે છે.

નમસ્કાર એ બીજ શરણગમનાત્મક છે, તેમ
દુષ્કૃતગર્હાત્મક અને સુકૃતાનુમોદનાત્મક પણ છે.

નમસ્કાર વડે નમસ્કાર્યની
અર્હતા, શરણતા તથા ઉપાસ્યતાનો સ્વીકાર થાય છે.
એ ત્રણથી પરિણામની શુદ્ધિ અને સ્થિરતાથી ભિન્નાયતનના અવલંબનની અને આત્મધ્યાનની એકતા પ્રગટે છે.
'આત્મા એ દેહ, મન, વચન અને કર્મથી ભિન્ન તથા અવિનાશી, અકલંક, શાન્ત અને આનંદથી પરિપૂર્ણ છે'

એવી ભાવના કરવાથી
આત્મા જ અરિહંતાદિ સ્વરૂપ બને છે. પણ પરમેષ્ઠિને નમસ્કાર એ પોતાના આત્માને જ નમસ્કારરૂપ બને છે.

નમસ્કારથી પોતાના આત્મામાં રહેલ અનંત ચતુષ્ટયોનું
બહુમાન, ભક્તિ અને અહોભાવ થાય છે,
એથી મિથ્યાત્વ ટળાય અને સમ્યક્ત્વ નિર્મળ બને છે.

પંચ પરમેષ્ઠિ નમસ્કાર દ્વારા
'પોતે પણ તેમના જેવો જ છે, તેમની જાતિનો જ છે'
તેવું પુનઃ પુનઃ સ્મરણ થાય છે.

અનાદિકાળથી પોતાની વિસ્મૃતિ થઈ છે,
પોતે પોતાને જ ભૂલી ગયો છે,
તેથી પુનઃ પુનઃ સ્વસ્વરૂપનું સ્મરણ કરવાની જરૂર છે.
પોતે કેવો છે તેનું ભાન કરાવવા
પોતાના અસલ સ્વરૂપનું સ્મરણ કરાવનારા એવા
પરમેષ્ઠિઓનું સ્મરણ અતિઆવશ્યક છે.
નમસ્કાર વડે અરિહંતનું પ્રણિધાન અને
સ્વસ્વરૂપનું ભાન એક જ સાથે થાય છે.
એક બાજુ ભક્તિ વડે પુણ્યબંધ થાય છે અને
બીજી બાજુ આત્મભાન વડે કર્મક્ષય સધાય છે.

## 'નમઈ' મંત્રથી શું લાવી શકાય છે?

સૌખ્ય અર્થાત્ સુસ્થિતતા કે વ્યવસ્થિતતા.

'નમઈ' મંત્રથી મન જે બહિર્મુખ થયું હોય,

તે અંતર્મુખ - આત્મસન્મુખ કરી શકાય છે.

'વિપ્રતીપ મન અરતિ ન નમઈ' અર્થાત્ 'નમઈ' મંત્ર

એ મનની વિપરીત ગતિને સીધી ગતિમાં લાવે છે.

મન + નમઈમાં રહેલો 'મ' વર્ણ એ આત્મા છે.

'મ'ને (આત્માને) નિષેધવાચક 'ન' સાથે જોડવાથી

આપણો બહિર્મુખ આત્મા અંતર્મુખ દશા પામે છે.

મનના વર્ણોને પલટવાથી 'નમ' આવે - અંતર્મુખ દશા થાય.

એકાક્ષરી કોષ પ્રમાણે : 'ન' = સૂરજ તથા 'મ' = ચંદ્ર.

'મન'માં ચંદ્રને આધારે સૂરજ છે,

તે 'નમઈ'માં સૂરજને આધારે ચંદ્ર બને છે.

સૂરજ અર્થાત્ આત્મા અને ચંદ્ર અર્થાત્ મન.

'મન' શબ્દમાં મનને આધારે જે આત્મા છે,

તે 'નમઈ' પદથી આત્માને આધારે 'મન' બને છે.

'દીવો, તાણં, સરણં, ગઈ, પઈટ્ઠા ।'નો અર્થ એ છે:

૧. દ્વિપઃ - સમુદ્રે મજ્જતાં દ્વિપ ઇવ સંસારસમુદ્રાધારઃ।

૨. ત્રાણં - અનર્થપ્રતિઘાતહેતુઃ ।

૩. સરણં - કર્મોપદ્રવેભ્યો ભીતાનાં શરણં ।

૪. ગઈ - ગમ્યતે સૌસ્થ્યાય દુઃસ્થૈરાશ્રિયતે ઇતિ ગતિઃ ।

૫. પઈટ્ઠા - ભવકૂપપતત્પ્રાણિનાં અવલંબનં ।

સંસારસમુદ્રમાં ડૂબતાં અને ભવકૂપમાં પડતાં
સર્વ પ્રાણીઓને અવલંબન - આધાર છે.
ત્રાણ, શરણ, ગતિ, આધાર અને અવલંબન.
ડૂબતાંને આધાર, પડતાંને અવલંબન, અનર્થનો પ્રતિઘાત,
ભયભીતને શરણ અને દીન - દરિદ્ર - દુઃખીને
સુખ, સમૃદ્ધિશાળી અને સમર્થનો આશ્રય.
સૂક્ષ્મ નમસ્કારમાં જેમ નાદ એ
કેન્દ્રસ્થ બિંદુની આસપાસ પરિક્રમા કરે છે,
તેમ પ્રાણ અને મન - બન્ને
આપણા નાભિસ્થાનની આસપાસ પરિક્રમા કરે છે.

## 'નમો' મંત્ર વડે...

મનને સાધન આત્મા મનની સાધીનતામાંથી
સંપૂર્ણ રીતે મુક્ત થઈને આત્માને સાધન બને છે.
'મન'માં ચંદ્ર અને 'નમો'માં સૂર્ય મુખ્ય બને છે.
ચંદ્ર એ મનની અને સૂર્ય એ આત્માની સંજ્ઞા છે.
નમો મંત્ર વડે અહંભાવનો હ્રાસ થાય છે,
નિર્મળભાવનો વિકાસ થાય છે,
વિષયોથી વિમુખતા જન્મે છે અને
પંચ પરમેષ્ઠિઓ તરફ સન્મુખતા જાગે છે.
આ મંત્રથી સન્માનનું દાન અને આત્માનું સંપ્રદાન થાય છે.
'નમો' મંત્ર વડે મોહવિષનો ઉપચાર થાય છે,
ભવરોગની ચિકિત્સા થાય છે, ભવભયનું ત્રાણ થાય છે.
'નમો' મંત્ર દ્વારા મનમાતંગ વશ થાય છે, મનતુરંગમ
કાબૂમાં આવે છે અને મનવાનર અંકુશમાં આવે છે.
'નમો' મંત્ર વડે બાહ્યાંતર તપ, સ્વાધ્યાય અને
ઈશ્વરનું પ્રણિધાન પણ સરળ રીતે જ સધાઈ શકે છે.

'નમો'થી વિનય, વિવેક અને વૈરાગ્ય જાગ્રત થાય છે તથા સર્વ દુષ્કૃતગર્હા, સર્વ સુકૃતઅનુમોદના, અરિહંતાદિ ચારનું શરણું સધાય છે. 'નમો' મંત્ર વડે ઇચ્છાયોગ, શાસ્ત્રયોગ અને સામર્થ્યયોગ સિદ્ધ થઈને સ્થાનયોગ, વર્ણયોગ, અર્થયોગ અને આલંબનયોગ સધાય છે. 'નમો' દ્વારા પ્રીતિયોગ, ભક્તિયોગ, વચનયોગ અને અસંગયોગ સધાય છે તથા ઇચ્છાયોગ, પ્રવૃત્તિયોગ, સ્થૈર્યયોગ અને સિદ્ધિયોગ પણ સધાય છે. 'નમો' એ નાદ, કલા અને બિન્દુની સાધનાનું પ્રતીક છે તથા આત્માને પરિઘમાંથી છોડાવી કેન્દ્રબિન્દુ તરફ વાળે છે.

મોક્ષ માટેનો ટૂંકામાં ટૂંકો માર્ગ

અરિહંતાદિ ચારનું શરણું લેવું,
સિદ્ધાદિ પાંચ પરમેષ્ઠિઓનું ચિન્તન કરવું અને
પુણ્યાત્માઓના ગુણોનું આત્મામાં અધ્યારોપણ કરવું છે.

પંચ પરમેષ્ઠિઓના પંચ કલ્યાણકની ભાવના પણ અષ્ટસિદ્ધિ, અષ્ટબુદ્ધિ અને અષ્ટમહાસંપત્તિદાયક છે.

અરિહંતોના દર્શન - વંદન શું શું કરે છે ?

પૃથ્વી ઉપર મનુષ્ય સંખ્યાની અલ્પતાનું મુખ્ય કારણ

દુષ્કૃતની બહુલતા અને સુકૃતની અલ્પતા છે.

માટે જ અરિહંતને ધ્યાવો.

અરિહંતોના દર્શનમાત્રથી દુઃખ, દારિદ્ર્ય, દૌર્ભાગ્ય, દુર્નિમિત્ત અને દુરિતો દૂર થઈને દિવ્ય દૃષ્ટિસુખની પ્રાપ્તિ થાય છે. તેમનું વંદન વાસના, વિકારો, વિપદાઓનો વિધ્વંસ કરે છે. તેઓ સૌમાં વિનય, વિવેક, વાત્સલ્યને વિકસિત કરે છે. તેમનું પૂજન પાપોનો નાશ કરીને પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરાવે છે અને પરમ મહોદય પદને અપાવે છે.

સર્વ જીવોના આત્મોદ્ધાર માટે અરિહંતોના કાર્યક્ષેત્રમાં થતી કમસર પ્રવૃત્તિઓ નીચે પ્રમાણે ગણાવી શકાય:

(૧) સંઘનું સંસ્થાપન કરે છે. (૨) નવપદનું નિર્માણ કરે છે.
(૩) સિદ્ધચક્રનું સર્જન કરે છે. (૪) સપ્તક્ષેત્રને સંયોજે છે.
(૫) પ્રવૃત્તિધર્મને પ્રવર્તાવે છે. (૬) ધર્મોપકરણો સર્જે છે.
(૭) નિવૃત્તિધર્મ નિયોજે છે. (૮) પંચપરમેષ્ઠિપદ પ્રાદુર્ભાવે છે.

(૯) પ્રાણીમાત્રના હિતની ચિંતારૂપ મૈત્રીભાવની ભૂમિકા ઉપર અહિંસા, સંયમ અને તપની આરાધના કરે છે.

(૧૦) વિષયવાસના, કષાયપાશ, આર્તરૌદ્ર ધ્યાન, અહિત, આત્મશ્લાઘા, અશુભ - અમંગળ ચિંતવન, માન, પ્રતિષ્ઠા, લોકૈષણા, વાસના, ખ્યાતિ, કીર્તિ, કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ, આહાર - ભય - મૈથુન પરિગ્રહની સંજ્ઞા, આરંભ, સમારંભ, કામ, ક્રોધ, લોભ, મદ, માયા, મિથ્યાત્વ, નિયાણું,

દોષારોપણ, અસૂયા, ઈર્ષ્યા, ક્રોધ, દર્પ, પરાપકાર,

અવિનય, આશાતના, અનાદર, અનુચિત આચરણ,

ઉત્સૂત્રભાષણ, દંભ, મતાગ્રહ, ધર્મવ્યાઘાત,

અસહનશીલતા, ક્ષુદ્રતા, વૈર,

વિરોધ, કટુ ભાષણ, અભ્યાખ્યાન,

પરનિંદા, પૈશુન્ય, કલહ, હીનયોગ, અતિયોગ, વિપરીતયોગ,

વિકથા, અભક્ષ્યભક્ષણ, અપેયપાન, અગમ્યગમન,

ઉન્માર્ગનું પ્રવર્તન અને વિવાદાદિ

સર્વ અરિહંતો સર્વ કાળે સર્વને તારે છે.

નિગોદાદિ આત્મા સત્તાગત નમસ્કારરૂપ છતાં આવૃત્ત છે.
મુક્તાત્માઓનો નમસ્કાર સ્વરૂપ આત્મા પ્રગટ છે.
'નમસ્કાર એ ચૌદ પૂર્વોનો ઉદ્ધાર અને
જિનશાસનનો સાર' - એ રીતે ઘટી જાય છે.
'નવકાર ૧૪ પૂર્વનો સાર છે' એનો અર્થ છે કે:
સર્વ શાસ્ત્રોના અધ્યયનનું ફળ છે પ્રભુમાં મનને જોડવું.
બધું જાણવાનું જેમ આત્માને જાણવા માટે છે,
તેમ બધું શાસ્ત્રાધ્યયન પરમાત્માને જાણવા માટે છે.
પરમાત્માને જાણવાનું જ નહીં, પરન્તુ
જાણીને આદર કરવાનું સાધન પણ આ નવકાર જ છે.
નવકારનું સ્મરણ એ ચિત્તની સ્થિરતાનો ઉપાય છે.
નવકારનું ધ્યાન સ્થિતિપદ - ચિત્તસ્થિરતા માટે છે.

'Namo' is the turning of the mind towards the divine by the sense of relation between man and divine.

# પંચપરમેષ્ઠિ શું હરે? શું આપે?

અરિહંત - દુઃખ અને શોક હરે - ઉત્સાહ આપે.
સિદ્ધ - પાપ અને ક્રોધ હરે - આનંદ આપે.
આચાર્ય - અજ્ઞાન અને ભય હરે - ન્યાય આપે.
ઉપાધ્યાય - સ્વાર્થ અને જુગુપ્સા હરે - દયાને આપે.
સાધુ - મોહ અને રતિ હરે - સ્નેહ આપે.

'અરિહંત' શબ્દ અરિહંતોના ૪ અતિશયોને સૂચવે છે,
પરમાત્માના માહાત્મ્યનું ભાન કરાવે છે.

'નમો' પદ અનુરાગ - સર્વોચ્ચ સાધક સ્નેહનું વાચક છે.
વારંવાર 'નમો' પદનું ઉચ્ચારણ એ
સૌ સાધકોમાં સર્વાધિક સ્નેહને પ્રકટાવવા માટે છે.
પુનઃ પુનઃ 'નમો' પદનું સ્મરણ - પ્રયોગ સ્નેહભક્તિ ન હોય તો જન્માવે છે, હોય તો સર્વોત્કૃષ્ટ બનાવે છે.
નવકાર મહામંત્રમાં સર્વોત્કૃષ્ટ ભક્તિ પ્રગટાવવા માટેની શ્રેષ્ઠ સામગ્રી ભરેલી છે, તેનું મુખ્ય કારણ માહાત્મ્ય ભાનપૂર્વક પુનઃ પુનઃ 'નમો' શબ્દનો પ્રયોગ છે.

## કયો રસ પંચપરમેષ્ઠિઓનો ?

(૧) અરિહંતોનો છે ઉત્સાહરસ (૨) સિદ્ધોનો છે આનંદરસ
(૩) આચાર્યોનો છે ન્યાયરસ
(૪) ઉપાધ્યાયોનો છે દયારસ અને
(૫) ૨૪ રાજલોકમાં રહેલા સર્વ સાધુઓનો છે સ્નેહરસ.

## અરિહંતાદિ પંચપરમેષ્ઠિ કેવા છે?

અરિહંતાદિ મંગળમય તથા ઉત્તમ છે, કેમકે તેઓ ઉત્સાહ, આનંદ, ન્યાય, દયા, સ્નેહથી ભરેલા હોવાથી શરણ્ય છે, પૂજ્ય છે, આરાધ્ય છે, ધ્યેય છે, જ્ઞેય છે, ઉપાદેય છે, અંગીકરણીય છે, સદા સ્મરણીય છે, શરણીય છે અને તેઓ પાંચે આનંદ લાવે આદરણીય પણ છે.

## પંચપરમેષ્ઠિને કરાતાં નમસ્કારમાં શું છે?

નમસ્કારમાં ન્યાયને નમસ્કાર છે, દયા અને સ્નેહને નમસ્કાર છે, આનંદ અને ઉત્સાહને નમસ્કાર છે. સ્નેહાદિ ન હોતાં વૈરાદિ હોવા એ નિષેધાત્મક વલણ છે. તે પોષણ નહિ પણ શોષણ કરે છે.

## નમસ્કારભાવ શું છે?

દુઃખ, શોક, ભય, ક્રોધ અને સ્વાર્થાદિ મલીન વૃત્તિઓને નીરખવાના બદલે આનંદ, ઉત્સાહ, ન્યાય, દયા અને ઉત્સાહાદિ શુભ વૃત્તિઓને જોવા, જાણવા તથા તેની પુષ્ટ કરવા અને તેમાં જ રસ લેવો, એ નમસ્કારભાવ છે. સ્નેહાદિ ભાવપ્રાણોથી આત્મા કૃતાર્થ - કૃતકૃત્ય બને છે.

અરિહંતાદિને નમસ્કાર તે કર્તવ્યરૂપે વિહિત થાય છે.

ક્રોધાદિ ભાવપ્રાણોનો વિચાર કરવાથી

નમસ્કારભાવ વધતો નથી, કિન્તુ તિરસ્કારભાવ પ્રગટે છે. તિરસ્કારભાવ એ વિષ અને નમસ્કારભાવ એ અમૃત છે. સ્નેહ, દયા, ન્યાય, આનંદ અને ઉત્સાહને પ્રગટાવનાર ભાવ તે નમસ્કારભાવ છે. દુઃખ, શોક, જુગુપ્સા અને ભય આદિ ભાવોને પ્રકટાવનાર તિરસ્કારભાવ છે. તિરસ્કાર ભાવરૂપી વિષને છોડી નમસ્કાર ભાવામૃતનું પાન કરવા માટે જિનશાસનરૂપી નંદનવનમાં શ્રી નવકાર મહામંત્ર છે.

અરિહંતાદિના સ્નેહથી આપણું અસ્તિત્વ છે.

## સામાયિકમાં ૩ નવકાર કેમ?

૩ નવકારમાં પ્રથમ મંગલ પ્રારંભરૂપે, બીજો નવકાર સ્વાધ્યાયરૂપે અને ત્રીજો મંગલ સમાપ્તિરૂપે ગણાય છે. પ્રથમ વડે વિઘ્નનાશ, મધ્ય વડે સ્થિરીકરણ અને અંત્ય નવકાર વડે શિષ્ય-પ્રશિષ્યાદિમાં પ્રવૃત્તિ થાય છે. બધી ક્રિયાઓ ગુરુસાક્ષીએ કરવાથી ફળીભૂત થાય છે.

નમસ્કારભાવ એ અહંકૃતિનો ઉપાય છે;

અહંકારનો નાશ કરવા સર્વોત્કૃષ્ટ પવિત્રતમ ધર્મક્રિયા છે;

નમસ્કારભાવ એ સકલ ધર્મક્રિયાનો ધ્વનિ છે.

આ પ્રમાણે વસ્તુસ્થિતિ જે હકીકત હોવાથી આ મહામંત્રની સ્તુતિ મહાન આચાર્યો પણ કરતાં આવ્યા છે. સકલ શાસ્ત્રનું રહસ્ય કહો કે ચૌદ પૂર્વનો સાર કહો... તો પણ આ નવકાર મહામંત્ર જ છે. છેવટે તો પરમ તત્ત્વ જ જીવનનો ઉદ્ધાર કરનાર છે. એ માટે નમો છે.

'નમો' is a symbol of sameness, say oneness.

# નવકારનું સ્વરૂપ

આ સંસારમાં એવી એક પણ બાબત નથી કે જેનો સમાવેશ નવકાર મંત્રમાં ન થતો હોય. પંચ પરમેષ્ઠિનું યથાર્થ સ્વરૂપ જેણે જાણ્યું, તેને જગતમાં બાકી કોઈપણ બાબત જાણવાની રહી જતી નથી. બધાં તત્ત્વો, દ્રવ્યો અને સિદ્ધાંતો પંચ પરમેષ્ઠિના મૂળ સ્વરૂપમાં સમાઈ જાય છે. સિદ્ધનું સ્વરૂપ સમજાય તો કર્મનું સ્વરૂપ સમજાઈ જાય. કર્મસ્વરૂપને સમજવાની સાથે પુદ્ગલ પરમાણુનું સ્વરૂપ સમજાય, કર્મને બાંધનાર જીવનું સ્વરૂપ સમજાય, સાથે ધર્મ-અધર્મ-કાળ અને આકાશ દ્રવ્યો પણ સમજાય. ષડ્દ્રવ્યનું સ્વરૂપ સમજાય એટલે અરિહંત અને સિદ્ધનું સ્વરૂપ સમજાય અને એ જો સમજાય એટલે ષડ્દ્રવ્યની સાથે સમસ્ત લોકાલોકનું સ્વરૂપ પણ સમજાઈ જાય. ટૂંકમાં નવકાર મહામંત્રનું યથાર્થ જ્ઞાન થાય તો એવો એકેય પદાર્થ નથી કે જેનું જ્ઞાન નવકાર મંત્રની બહાર રહી જાય.

નામ એ પારસમણિ સમાન છે,
તે મન રૂપી લોખંડને સુવર્ણ બનાવે છે, જ્યારે
નમસ્કાર તો અચિન્ત્ય ચિન્તામણિ છે,
તે આત્મારૂપી સુવર્ણને પારસ બનાવે છે.
નામ પરિચય કરાવે, જ્યારે નમસ્કાર સમર્પણ કરાવે.
નામ એ શબ્દ છે, નમસ્કાર એ ક્રિયા છે.
નામરૂપી ધ્યાન વડે નમસ્કારરૂપી પરિણતિ ઘડાય છે.
નામ એ વસ્તુતંત્ર છે, જ્યારે નમસ્કાર એ પુરુષતંત્ર છે.
નામથી વસ્તુનો બોધ થાય છે, જ્યારે
નમસ્કારથી આત્માની પરિણતિ પલટાય છે.
જેનામાં સંપૂર્ણપણે નમ્રતાનું ભાન જાગ્યું નથી,
તેનાથી કદી સત્યની શોધ થઈ શકતી નથી.
સત્યના સમુદ્રની સપાટી ઉપર સહજપણે તરવું હોય, તો
તમારે શૂન્ય - પરિપૂર્ણ - નમ્ર બની જવું આવશ્યક છે.
નવકારની પાછળ બુદ્ધિને નિર્મળ કરવાનો સંકલ્પ છે,
સામાયિકની પાછળ વર્તનને શુદ્ધ કરવાનું બળ છે.

## નવકાર એ શ્રેષ્ઠ નાવ

તાણં અણ્ણં તુ ણો અત્થિ, જીવાણં ભવસાયરે ।
બુડ્ડંતાણં ઇમં મુત્તું, ણમોક્કારં સુપોયયં ॥૧॥

અર્થ : ભવસાગરમાં ડૂબતાં જીવોને નવકારરૂપી શ્રેષ્ઠ નાવને છોડી બીજું કોઈ ત્રાણ, શરણ કે રક્ષણ નથી.

'કાંઈ થવું' એટલે સર્વથી વિખૂટા પડવું.
કાંઈ ન થવાથી સર્વ કાંઈ થવાય છે.
કાંઈ પણ ન રહેવું એટલે...
પરબ્રહ્મ અથવા પરમાત્મતત્ત્વમાં મળી જવું.

'નમો' પદમાં છૂપાયેલું રહસ્ય શું છે, તે અહીં પ્રગટ થાય છે. 'નમવું' એટલે માત્ર મસ્તક ઝુકાવવું એમ જ નહિ પણ મનને અને મનના વિચારોને નમાવવા કે તુચ્છ લેખવા.

'નમવું' એટલે માત્ર હાથ જોડવા એમ નહિ, પણ અંતઃકરણમાં એકતા તથા અભેદની ભાવના કરવી. સર્વ પાપ મનના આગ્રહોમાંથી જન્મે. 'નમો' આગ્રહોમાંથી મુક્ત કરીને બાહ્ય ભાવથી અસ્તિત્વનો ભાન કરે છે.

# નમસ્કારથી દર્શનની વિશુદ્ધિ

નમસ્કારથી અહંની તુચ્છતા, લઘુતા, નમ્રતાનું દર્શન થાય,
પરતત્ત્વની ઉચ્ચતા, ભવ્યતા, મહત્તાનું ભાન થાય છે.
'નમો' વડે અહંનો ફોડકો ફૂટી જવાથી અને મમતાનું પરૂ
નીકળી જવાથી જીવને પરમ શાંતિનો અનુભવ થાય છે.

'નમો' એ આત્મદ્રવ્ય છે.

એના આલંબને જ્ઞાનાદિ ગુણો ગુણત્વને પામી શકે છે.

'નમો' રહિત ગુણો ગુણાભાસ છે.

અનંતગુણોનો આધાર એવું 'નમો' એ આત્મદ્રવ્ય છે.

એના આધારથી ભિન્ન - ભિન્ન પ્રકારના
અનુષ્ઠાનો દ્વારા નમસ્કારભાવની સાધના કરી
જ્ઞાનાદિ ગુણોને પ્રગટાવી શકે છે.

તે અનુષ્ઠાનોની વિવિધ પ્રક્રિયાઓ એ સઘળા
'નમો' રૂપી આત્મદ્રવ્યના પર્યાયો છે.

સર્વ આત્માઓ સ્વરૂપે નમસ્કારરૂપ છે,
પરરૂપે અહંકારને વશવર્તી છે.

જૈનશાસનમાં શ્રુતજ્ઞાનને પરમ ઉપકારક માન્યું છે, તેથી તેને લખવું - લખાવવું - ભણવું - ભણાવવું - સંગ્રહ કરવું - રક્ષણ કરવું જોઈએ અને તેની ભક્તિમાં સર્વ પ્રકારે શ્રુતજ્ઞાન તથા શ્રુતજ્ઞાનીની આરાધના કરવી જોઈએ. આ આરાધનાથી જ્ઞાનાવરણીય કર્મ નાશ પામે છે અને પરિણામે આપણો જીવ કેવળજ્ઞાનનો અધિકારી બને છે. રોજ ૫-૧૦ ગાથા જેટલું જ છેવટે ઓછી શક્તિવાળાએ એક ગાથા કે અડધી ગાથા પણ નવી લખવી જોઈએ. તે પણ ન લખી શકે તેણે રોજ ઓછામાં ઓછા ૧૦૮ નવકાર ગણીને પણ શાસ્ત્રસ્વાધ્યાય કરવો જોઈએ. શ્રી નવકાર મહામંત્ર એ શ્રુતજ્ઞાનનો સાર છે, તેને ગણવાથી જ તેનો સતત સ્વાધ્યાય કરવાથી શ્રુતજ્ઞાનની મહાઆરાધના થાય છે, જ્ઞાનાવરણીય કર્મ ખપે છે અને

આત્માના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય છે.

આમ થવાથી મોહનીય કર્મનો ક્ષય થાય છે.

તેમ થવાથી અંતરાયકર્મ આદિ કર્મો પણ નાશ પામે છે.

રોજ ઓછામાં ઓછા ૧૦૮ નવકાર એકાગ્ર ચિત્તે
બહુમાનપૂર્વક - પવિત્રભાવથી ગણવાનો અભ્યાસ પાડવો.
જેનું ફળ મોટું - પરંપરાએ કેવળજ્ઞાન અને મુક્તિ છે.
તે ન મળે, ત્યાં સુધી ઉત્તરોત્તર પુણ્યાનુબંધી પુણ્યના
પ્રભાવથી મુક્તિના અવ્યાબાધ સુખનો સ્વામી બને છે.
આત્માના અનંત ગુણોમાં મુખ્ય કેવળજ્ઞાન જ છે.
તેની આરાધના કરવાનું સૌથી સુલભ સાધન નવકાર છે.
નવકાર મહામંત્રની વિધિપૂર્વક અને અર્થભાવનાસહિત
આરાધના કરવાથી અંતરાયાદિ દુષ્ટ કર્મોનો ક્ષય થાય છે.
વળી તેનાથી બુદ્ધિ નિર્મળ થાય છે તથા જીવ
સમાધિ મરણ અને બોધિલાભનો અધિકારી થાય છે.

જન્મની સાથે મરણ જોડાયેલું છે.

નવકારમંત્રની આરાધના મરણને સુધારે છે તથા
મરણ પછી નવા જન્મે ય જિનધર્મની પ્રાપ્તિ થાય છે.
આવાં અનેક અને અચિન્ત્ય લાભોનું કારણ હોવાથી
નવકારના જાપ ઉપર સૌએ આદરવાળા બનવું જોઈએ.

# સુરતા શબ્દયોગ

'શબ્દ' એટલે શ્રુત અને 'સુરતા' એટલે ઉપયોગ.
'શ્રી નમસ્કાર નિર્યુક્તિ'માં કહ્યું છે કે શ્રુતોપયોગ એ
ભાવસંવર છે અને તે ઘણા નિર્જરાદિ ગુણવાળો છે.
શબ્દમાં સુરતા પરોવવી તે મહાયોગ છે તથા શ્રુતજ્ઞાન
વડે ઉપયોગમાં આત્માનું સતત સ્મરણ કરવું તે યોગ.
શ્રુત = અનાહતનાદનું શ્રવણ. તેમાં ઉપયોગયુક્ત આત્મા
= શ્રુતોપયોગ અર્થાત્ આત્માનો ધ્વનિ તે અનાહત
નાદ, જે સતત ચાલુ છે. તેમાં ઉપયોગને જોડી રાખવો.
આ શ્રવણ પદાર્થ એટલે શ્રુતોપયોગ બહુ મહત્ત્વવાન છે.
બીજું એક કારણ એ પણ છે કે શ્રુત દ્વારા શ્રુતને કહેનારા
વીતરાગ પુરુષોમાં સુરતા પરોવાય છે. ઉદાહરણ તરીકે:
સર્વ શ્રુતનો સાર નવકાર છે. નવકાર રૂપી સારભૂત
શ્રુતમાં જ્યારે સુરતા અર્થાત્ ઉપયોગ પરોવાય છે,
ત્યારે તે દ્વારા શ્રુતને કહેનારા
સર્વજ્ઞ અને વીતરાગ પુરુષોમાં ચિત્તવૃત્તિ જોડાય છે.

## 'परमेष्ठि नमस्कारः ।'

एष पञ्च नमस्कारः सारः सद्धर्म कर्मणः ।
नवनीतं यथा दध्नि कवित्वे च यथा ध्वनिः ॥ सूक्तिः

આ પંચ નમસ્કાર એ સદ્ધર્મકર્મનો સાર, સદ્ધર્મકર્મરૂપી દધિનું નવનીત અને સદ્ધર્મકર્મરૂપી કાવ્યનું ધ્વનિત છે.

परमेष्ठि नमस्कारः सारः सद्धर्म कर्मणः ।
नवनीतं यथा दध्नि कवित्वे च यथा ध्वनिः ॥ सूक्तिः

જેમ કવિત્વમાં ધ્વનિ તથા દધિમાં નવનીત છે, તેમ સર્વ ધર્મ-કર્મોમાં સાર રૂપે પરમેષ્ઠિ નમસ્કાર છે.

અરિને હણીને જિંદગીમાં બનાવનારાઓને નમસ્કાર.

નમો = અભેદ - ખરબાંડયુક્ત પરિણામ.

અરિહં = સમ - મધુર પરિણામ.

તાણં = પૂર્ણ - તુલા પરિણામ.

અરિતાને હણનાર 'અહં' એ સમ છે,
પૂર્ણતાને વરનાર 'અહં' એ પૂર્ણ છે અને
અભેદને સાધનાર 'અહં' એ એક છે.

## 'નમો અરિહંતાણં'

નમો = ગુણીની પરસ્પર એકતાના ઉદ્દેશે અભેદ છે.
અરિહં = અહીંના તિર્યક્સામાન્યના ઉદ્દેશે અભેદ છે.
તાણં = અહીંના ઊર્ધ્વતાસામાન્યના ઉદ્દેશે અભેદ છે.
'નમો'ના યોગે ચતુર્થી વિભક્તિ છે, ચતુર્થી સંપ્રદાન છે.

'નમો' શબ્દ અરિહંતોને સમર્પણ સૂચવે છે,
તેથી અભેદ સધાય છે.

નવકારમાં દ્રવ્યથી ઐક્ય, ગુણથી એકતા અને
પર્યાયથી તુલ્યતા રહેલી છે.

અનંત પરમેષ્ઠિઓ દ્રવ્યરૂપે નવકારમાં રહેલાં છે,
તે બધા કેવળજ્ઞાનાદિ ગુણોથી એક છે અને
પ્રત્યેકનું કાર્ય સમાન હોવાથી તુલ્ય છે.

'નમો' પદથી એકતા, અરિહંતાદ પદોથી અનેકતા અને
કેવળજ્ઞાનોપયોગાદિ પર્યાયથી તુલ્યતા સધાય છે.
એ રીતિએ એકતાનું, તુલ્યતાનું અને પૃથકતાનું ભાજન
સર્વ એક સાથે થતું હોવાથી નવકારમંત્ર સર્વશ્રેષ્ઠ છે.

## નવકારમંત્રની પાંચ ભૂમિકાઓ

શબ્દ ઉપરથી અર્થ ઉપર, અર્થ ઉપરથી વૃત્તિ ઉપર, વૃત્તિ ઉપરથી ભાવ ઉપર, ભાવ ઉપરથી સત્તા ઉપર અને સત્તા ઉપરથી શોધ ઉપર, એ પાંચેનો અભેદ સિદ્ધ કરે છે. બાહ્યમાંથી આંતર તરફ વળવા નવકારનો અભ્યાસ ચાલુ રાખવો જરૂરી છે. નિશ્ચય આંતર એ લક્ષ્ય છે, તે અખંડ સાથે જ વ્યવહાર - બાહ્યશુદ્ધિ આવશ્યક રહે. નવકારનો લાભ શમ-દમ, ક્ષમા, સમતા, મૈત્રી, ભક્તિ છે.

નવકારના પ્રથમ પદ - 'નમો અરિહંતાણં'માં

દ્રવ્યથી શુદ્ધિ, ગુણથી એકતા, પર્યાયથી ઉચ્ચતા રહેલી છે.

### નમસ્કારના પ્રભાવથી...

વ્રતોમાં મોટું અને દુર્ધર બ્રહ્મચર્ય, ઇંદ્રિયોમાં દુર્જય ઇંદ્રિય રસના અને ગુપ્તિમાં પ્રબળ ગુપ્તિ મનોગુપ્તિ સરળ બને. મોહ જવાથી મન જીતાય છે, મનોજયથી ઇંદ્રિયો વશમાં આવે છે, ઇંદ્રિયો વશમાં આવવાથી બ્રહ્મગુપ્તિ સરળ બને છે. બ્રહ્મગુપ્તિ માટે રસનેન્દ્રિયનો જય થવો જોઈએ.

# નવકાર મહામંત્રનું વૈશિષ્ટ્ય

(૧) નવકાર એ સમ્યગ્દૃષ્ટિ જીવનો પ્રાણ, ત્રાણ, જીવન અને આધાર છે.

(૨) ચિત્તની સમાધિ એ સમ્યગ્દૃષ્ટિને મન સૌથી મોટું ધન છે, તેનું સાધન નવકાર છે.

(૩) ચિત્તની સમાધિ માટે અંતે નવકારનો જ આધાર છે.

(૪) ચૌદ પૂર્વીઓનું વચન આદેય હોય છે, કેમકે તેઓ અવિસંવાદી હતા, પોતે અનુભવીને પછી જ કહેલું છે.

(૫) મહામંત્રના પદો અને વર્ણો પવિત્ર છે. તેથી તેનું સ્મરણ કરનારને તે પવિત્ર કરે છે.

(૬) લક્ષણ વડે ઉત્તમ વસ્તુઓનું દેવતાઓ સાંનિધ્ય કરે છે એટલે મહામંત્રના પ્રત્યેક વર્ણો દેવાધિષ્ઠિત છે.

(૭) અક્ષરોના સ્મરણથી પરમેષ્ઠિઓ જાણે સાથે આવી હૃદયમાં પ્રવેશ કરતાં ન હોય, પોતાની સાથે જાણે મધુર ભાષણ કરતાં ન હોય અથવા અંગો અંગમાં આવીને જાણે તન્મય ભાવે મળતાં ન હોય, તેમ અનુભવાય છે.

(૮) અક્ષરોને અર્થની સાથે વાચ્ય - વાચક સંબંધ હોવાથી મંત્રપદોના અક્ષરોથી પરમેષ્ઠિઓનું સ્મરણ થાય છે.

(૯) શ્રી નમસ્કારમહામંત્ર શાશ્વત છે.

સર્વ તીર્થંકર - ગણધર ભગવંતો તેનું આરાધન કરી ચૂકેલા હોય છે. તેનું ફળ સાક્ષાત્ અનુભવીને ઉપદેશે છે. તેઓની સંકલ્પશક્તિ પણ ગણનારને સહાયક થાય છે.

(૧૦) જ્યાં જ્યાં લોકમાં રહેલાં દરેક સમ્યગ્દૃષ્ટિ આ મહામંત્રનું સતત આરાધન કરતાં હોય છે અને એ દ્વારા પરમેષ્ઠિઓની સાથે તાદાત્મ્યભાવને અનુભવતાં હોય છે, તેનો લાભ અદૃશ્ય અને અગમ્ય રીતે સાધકને મળે છે.

(૧૧) સાધકની યોગ્યતા મન અને ઇંદ્રિયોનો સંયમ છે. આપણું મન મૈત્ર્યાદિભાવોથી ભાવિત થવું જોઈએ અને ઇંદ્રિયો વિષયોના વિપાકની વિરસતાથી ભાવિત થવી જોઈએ.

(૧૨) વ્રત - નિયમોનું આગ્રહપૂર્વક પાલન અને
દેવ - ગુરુ - સંઘ - સાધર્મિકની ભક્તિ
દરેક પ્રકારની મંત્રસિદ્ધિમાં ઉપકારક થાય છે.

(૨૩) નવકાર ચિંતામણિનો બનેલ છે. તેના ૬૮ અક્ષરો પવિત્ર અને દેવાધિષ્ઠિત છે, જે પંચ પરમેષ્ઠિઓનાં સાક્ષાત્ દર્શન કરાવે છે. ત્રણ કરણ - 3 યોગથી એનું આરાધન વિહિત છે. ૧૪ પૂર્વધરો તેમાં દૃષ્ટાંતભૂત છે.

(૨૪) દેવ - ગુરુનું સ્મરણ એ ધાર્મિક પુરુષનું પ્રથમ અને પ્રધાન લક્ષણ છે. તેથી જ 3 લોક - 3 કાળમાં સર્વ સમ્યગ્દૃષ્ટિ જીવો વડે એનું સ્મરણ કરાય છે.

## શ્રી નવકારમાં નવતત્ત્વનું જ્ઞાન કઈ રીતે ?

શ્રી અરિહંતપદમાં પુણ્ય-પાપનું, સિદ્ધપદમાં જીવ-અજીવનું, આચાર્યપદમાં આશ્રવ-સંવરનું, ઉપાધ્યાયપદમાં બંધતત્ત્વ-નિર્જરાતત્ત્વનું તથા મુનિપદમાં મોક્ષતત્ત્વનું જ્ઞાન છે.

દર્શન = મૈત્રીભાવનો પ્રકર્ષ = મુનિપદ.

જ્ઞાન = પ્રમોદભાવનો પ્રકર્ષ = ગણધરપદ.

(આચાર્ય - ઉપાધ્યાય - ગણી)

ચારિત્ર = કરુણાભાવનો પ્રકર્ષ = અરિહંતપદ.

તપ = માધ્યસ્થ્યભાવનો પ્રકર્ષ = સિદ્ધપદ.

'નમો' પદ ધર્મશાસ્ત્રની દ્રષ્ટિએ મોક્ષ અને
તેના મૂળભૂત વિનયનું કારણ છે.
'નમો' પદ મંત્રશાસ્ત્રની દ્રષ્ટિએ શોધનકારણ છે, કેમકે
તેના વડે તન, મન અને આત્માની પણ શુદ્ધિ થાય છે.
શાસ્ત્રની દ્રષ્ટિએ 'નમો' પદ એ
શાંતિક - પૌષ્ટિક કર્મને સિદ્ધ કરનારું, શાંતિ - પુષ્ટિને
લાવનારું તથા વિનય - નમ્રતાનો અભાવ લઈ જનાર છે.
નમસ્કાર મહામંત્ર વડે સમસ્ત સત્ત્વવિષયક
સ્નેહપરિણામ જાગ્રત થતો હોવાથી સ્વાર્થનું વિસર્જન,
પરમાર્થનું સર્જન અને આત્માનું એકીકરણ સધાય છે.
સ્વાર્થનું વિસર્જન શાંતિ કરે છે,
પરમાર્થનું સર્જન તુષ્ટિ કરે છે અને
આત્માનું સર્વૈકીકરણ પુષ્ટિને કરનારું થાય છે.
નમો પદથી વિષયવૃત્તિ શમે છે, માટે શાંતિ થાય છે.
નમોથી કષાયવૃત્તિ શમે છે, માટે તુષ્ટિ થાય છે.
નમોથી આત્મવૃત્તિ જાગે છે, માટે પુષ્ટિ થાય છે.

નમસ્કાર વડે આત્મા, આત્મા વડે
આત્માને પરમાત્મસ્વરૂપ જાણી છે, તેથી અનાત્મભાવનું
વિસર્જન, સર્વાત્મભાવનું સર્જન અને પરમાત્મભાવનું
અનુભવીકરણ, અભેદીકરણ, તાદાત્મ્યાનુભવન થાય છે.

આત્માનુભૂતિનું પરમ સાધન નમસ્કાર છે, કેમકે
નમસ્કાર વડે બહિર્ભાવ પરિણમન મટી જઈને અંતર્ભાવ
પરિણમન થાય, જે આત્માનુભૂતિનું અનન્ય કારણ છે.

ભાવનમસ્કાર એટલે તે તે ગુણને પામવાની તીવ્ર
તાલાવેલીપૂર્વકની મન - વચન - કાયાની શુભ પ્રવૃત્તિ.

પંચ નમસ્કારથી સર્વ પાપના બીજરૂપ દર્શનમોહ જાય છે.
તેના વડે ચારિત્રમોહ મંદ થાય છે. દર્શનમોહ જવાથી
આત્મગુણોનું આકર્ષણ જન્મે છે તથા જડના શબ્દાદિ
ગુણોનું આકર્ષણ ટળે છે. ચારિત્રમોહ જવાથી જીવો પ્રત્યે
કષાયની પરિણતિ જાય - મૈત્ર્યાદિભાવોની ઉત્પત્તિ થાય.
મૈત્રીથી ક્રોધ જાય છે, પ્રમોદથી માન ઘટે છે, કરુણાથી
માયા જાય છે અને માધ્યસ્થ્યથી લોભને જીતાય છે.

નમો અરિહંતાણંથી દર્શનમોહ જતાય છે તથા
અરિહંતોમાં નમસ્કારનું માહાત્મ્ય પ્રત્યક્ષ થાય છે.
સિદ્ધને નમસ્કાર કરવાથી લોભકષાય જતાય છે.
સિદ્ધભગવંતો નમસ્કારની સિદ્ધિને અર્પે છે.
આચાર્યને નમસ્કાર કરવાથી માયા જતાય છે, તેથી
સદાચારના આચરણથી સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.
ઉપાધ્યાયને નમસ્કાર કરવાથી માન જતાય છે.
ઉપાધ્યાયો નમસ્કારનું શિક્ષણ આપે છે.
સાધુને નમસ્કાર કરવાથી ક્રોધ જતાય છે.
સાધુઓ નમસ્કારની સાધના કરે છે.
સાધુઓમાં રહેલ સેવાભાવથી વિનયનો ગુણ વિકસે છે.
સિદ્ધપદની પ્રાપ્તિ અરિહંતે પ્રબોધેલા માર્ગથી થાય છે.
પરમેષ્ઠિને નમસ્કાર કર્યે સહાયવૃત્તિ, વિનય, સદાચાર,
અવિનાશિતા અને પરોપકાર આદિ ગુણો વિકસે તથા
આઠ કર્મોમાં પ્રબળ એવા મિથ્યાત્વમોહ અને ચારિત્રમોહ
નાશ પામે છે. મોહનાશથી બાકીના કર્મોનો પણ નાશ થાય છે.

અરિહંત સાથે આત્માની એકતા

જાતિગત, ગુણગત અને સ્વરૂપગત - એ રીતે નથી, દ્રવ્યગત, ગુણગત અને પર્યાયગત - એમ ત્રણે રીતે છે.

'અ સિ આ ઉ સા'ને નમેલા

અંતઃકરણપૂર્વકના નમસ્કારથી પરમેષ્ઠિઓ પ્રત્યે સન્મુખતા આવે છે, તેથી કષાયજય, મોહજય, મનોજય, ઇંદ્રિયોનો જય થવાથી બ્રહ્મવ્રતપાલન સુલભ બને છે.

એ રીતે બ્રહ્મવ્રત અને નમસ્કાર મંત્રને કાર્ય-કારણભાવનો સાક્ષાત અને પરંપરાએ સંબંધ છે.

'નમો' પદના અર્થમાં

અભ્યંતર તપના સર્વ પ્રકારોનો સંગ્રહ થઈ જાય છે.

શ્રી નમસ્કારમહામંત્ર તથા બાહ્ય - અભ્યંતર તપમાં મનુષ્ય જેમ જેમ આત્મસ્થ થઈને કાલાતીત ઈશ્વર સાંનિધ્યમાં ઉપસ્થિત થાય છે, તેમ તેમ તે ખોયેલી - ઝાંખી થયેલી પોતાની મૂળ શક્તિ પાછી મેળવે છે. તેને શાશ્વત જીવન અને પ્રભુના રાજ્યની ઉપલબ્ધિ થઈ જાય છે.

'નમો અરિહંતાણં ।'

એ મંત્ર જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ અને ક્રિયાશક્તિ
- એમ ત્રણે શક્તિઓને વિકસાવે છે.

જ્ઞાનશક્તિ વડે સર્વ જીવો સાથે
'આત્મસમાનાધિકત્વ' પેદા થાય છે.
ઇચ્છાશક્તિ વડે સર્વ જીવો સાથે
'આત્મસમદર્શિત્વ' ભાવ પેદા થાય છે.
ક્રિયાશક્તિ વડે સર્વ જીવો સાથે
'આત્મતુલ્યવર્તિત્વ' ગુણ પ્રગટ થાય છે.
સૂર્યનાડી એ ક્રિયાશક્તિનું,
ચંદ્રનાડી એ ઇચ્છાશક્તિનું અને
સુષુમ્ણાનાડી એ જ્ઞાનશક્તિનું મુખ્ય કેન્દ્ર છે.
નમો = 'હું' ભૂલવો,
અરિહંતાણં = પ્રભુને બધાં કામ કરવા દેવા.
અરિહંતોના આત્મદ્રવ્ય - આત્મભાવ સર્વથી શ્રેષ્ઠ છે.
તેથી અરિહંતોના નામ - રૂપ સર્વશ્રેષ્ઠ છે.

# નમસ્કાર કરતાં સમર્થનું શરણ

નમસ્કાર, વંદન અથવા તો પ્રણામ -
એ સર્વે દૈન્ય ભાવનાના પ્રતીક છે.
જે સર્વ ઐશ્વર્યસંપન્ન છે અને
સર્વનું ત્રાણ - રક્ષણ કરવાને સમર્થ છે, તેનો આશ્રય લેવા માટે તથા પોતાની દીનતા અને સાધનહીનતાને પ્રકટ કરવા માટે 'નમઃ' પદનું ઉચ્ચારણ છે. સમર્થનું શરણ જે ગ્રહણ કરે, તે જ દુસ્તર અને દુરત્યય-દુઃખો તરી શકાય અને દુઃખો જેનો અંત લાવ શકાય અથવા
સંસારની માયાને તરી શકે છે.

અન્યત્ર પણ કહ્યું છે કે:

'દૈવી હ્યેષા ગુણમયી, મમ માયા દુરત્યયા ।
મામેવ પ્રતિપદ્યન્તે, માયામેતાં તરન્તિ તે ॥૧॥'

અર્થાત્ દૈવી અને ગુણમયી એવી આ
મારી માયા દુરત્યય છે. મારું જે શરણ સ્વીકારે છે,
તે આ માયાને તરી જાય છે.

महावाक्यं अनुचिन्तयेत् ।

'नमो अरिहंताणं ।' એ મહાવાક્ય છે, તેનું
સતત, પ્રતિક્ષણ, આલંબન, મરણાંત ચિન્તન ચાલુ રાખવાથી
દેહ, મન, ઇંદ્રિયો, વાસના, ભાવના, બુદ્ધિ વગેરે બધાં જ
વળગાડોથી પર થઈ આત્મા પરમ સામ્યમાં પહોંચી જાય છે.
મહાવાક્યના ચિંતનની પ્રક્રિયા અંદરથી મદદ આપનારી અને
નામસ્મરણની પ્રક્રિયા અંદર-બહાર બેય રીતે મદદ કરે છે.

तत्त्वमसि के तत् त्वम् असि એટલે 'હું તે છું.'
'તે' એટલે વિરાટ - વિશ્વરૂપ છું.

વિરાટરૂપનું ભાન થયે નાનારૂપનો વિનાશ ભય ન ઉપજાવે.
આ દેહમાં રહેલા ચૈતન્ય અને વિરાટ ચૈતન્યની વચ્ચે
સંબંધ જોડવાનું કામ મહાવાક્યના ચિંતનથી સધાય છે.
મહાવાક્યનું ચિન્તન એ એક જાતનો સત્સંગ છે.

સત્સંગનું પ્રથમ ફળ પાપભીરુતા છે,
માટે નમસ્કાર મહામંત્રના સતત જાપ દ્વારા
શ્રી પંચ પરમેષ્ઠિનો સત્સંગ કરવો.

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે કે:

નવકાર મંત્ર એ પરમ સ્વાધ્યાય, જ્યારે
બાકી શાસ્ત્રો માત્ર સ્વાધ્યાય છે.

વીતરાગમાં મહોદય પદ પ્રાપ્ત કરાવવાની શક્તિ છે,
એવો એમનો સ્વભાવ જ છે.

અરિહંતાદિ પંચ પરમેષ્ઠિઓ નમસ્કાર ભાવોથી ભરેલા છે.

આત્માને અભિમુખ બનાવવાની પ્રક્રિયા નમસ્કાર છે.

મનને ચૈતન્યરૂપી મહાસાગરમાં ડૂબકી મરાવવાનું કાર્ય
આ નવકાર મહામંત્રથી થાય છે.

નવકારશીના પચ્ચક્ખાણથી ૧૦૦ વર્ષનું પાપ જાય છે.

૧ નવકાર ગણવાથી ૫૦૦ સાગરોપમનું પાપ જાય છે.

અરિહંતાદિ પરમેષ્ઠિઓની નિકટ આત્માને નમવાનું
કાર્ય જે મન કરે છે, તે મન નિષ્પાપ બની જાય છે.

નમસ્કાર એ શબ્દ, ભાવ અને ધ્યાનની ક્રિયારૂપ છે.

શબ્દ વડે થતું વાચ્યનું ભાવ અને
ભાવથી થતું પરમેષ્ઠિઓનું ધ્યાન પાપકર્મનો છેદ બને છે.

## મંત્રજાપ

मंत्रार्थं मंत्रचैतन्यं यो न जानाति तत्त्वतः ।
शतलक्षप्रजप्तोऽपि तस्य मंत्रो न सिध्यति ॥

પ્રાણ ન રહેવાથી દેહ જેમ કાર્ય કરવાને અશક્ત છે, તેમ પ્રાણશક્તિનો ઉદ્બોધ ન થવાથી સેંકડો પુરશ્ચરણો કરવા છતાં મંત્રજાપ દ્વારા સિદ્ધિનો લાભ મળતો નથી. પ્રાણશક્તિથી જેમ મૃણ્મયમૂર્તિમાં ચિન્મય મૂર્તિનાં દર્શન થઈ શકે છે, તેમ મંત્રચૈતન્ય પ્રાગટ્યથી અક્ષરો ચિન્મય બનીને સ્વસ્વરૂપનો અનુભવ કરાવવા સમર્થ નીવડે છે.

## મંત્રચૈતન્યનું ગૂઢ રહસ્ય

વાણીનો મન સાથે, મનનો વ્યક્તિગત પ્રાણની સાથે અને વ્યક્તિગત પ્રાણનો સમષ્ટિ પ્રાણ સાથે સંબંધ છે.

પ્રાણનો નિરોધ થતાં મનનો નિરોધ થાય છે અને મનનો નિરોધ થતાં પ્રાણનો નિરોધ થાય છે.

પ્રાણ અને મનનો નિરોધ થવાથી મંત્રચૈતન્ય પ્રગટે છે. પરમાત્મતત્ત્વની ભાવના કરવાથી ચિત્ત એકાગ્ર થાય છે.

નમ્રતાના માર્ગે જીવ તીર્થંકર, ગણધર અને મોક્ષપદ સુધી
પહોંચી શકે છે, જ્યારે કોઈ વચલો માર્ગ છે જ નહિ.
એ રીત તો નમસ્કારમંત્ર સૌથી મોટો મંત્ર ગણાત નહિ.
ગરદનને સદા નમેલી રાખવામાં હિત છે. નમસ્કાર માને

ક્ષમાભાવ = કષાયોને નમાવવા. દાંતભાવ = વિષયો નમાવવા.

શાન્તભાવ = વાસનાઓને નમાવવા.

દ્વાદશાંગીનો સાર નવકાર - તેનો સાર સ્નેહપરિણામ છે.

તે પરિણામ સર્વજીવવિષયક બને,

ત્યારે જ નવકાર સંપૂર્ણ થયો સમજવો.

નવકારનું પ્રયોજન પાપનાશ - ધર્મમંગળનું આગમન છે.

તે બંનેને ઉદ્દેશીને નવકાર ગણવો જોઈએ.

તેના ફળરૂપે આ લોક - પરલોકનાં સુખ મળવાનાં જ છે.

નવકાર એ સર્વ પાપનો નાશક, સર્વના પાપનો નાશક,

સર્વ મંગળકારક તથા સર્વને મંગળરૂપ છે.

'નમો' અર્થાત્ નમ્રભાવ. પોતાનું લઘુત્વ - અપકૃષ્ટત્વ
મનમાં લાવવું, વ્યવહારમાં લાવવું, તે છે નમસ્કારભાવ.

# What is Namo?

'નમો'માં એક બાજુ અહંકારનો કે સંકુચિતતાનો ત્યાગ છે,
બીજી બાજુ વિશાળતા તથા મહત્તાનો સ્વરસ અનુભવ છે.
સંકુચિતતાનો ત્યાગ અને વિશાળતાનો અનુભવ કરાવવાનું
સામર્થ્ય 'નમો' પદના અર્થની ભાવનામાં રહેલું છે.
'નમો' ભક્તિવાચક છે, ભક્તિ એ વિશાળતાની સાથે
જોડાણ અને સંકુચિતતાની સાથે તોડાણ કરાવી આપે છે.

अविभक्तं विभक्तेषु। અર્થાત્ ભેદમાં અભેદ.

'નમો' એ વિભાગનો નિષેધ અને અવિભાગનો સ્વીકાર છે.
'ન' નિષેધવાચક છે તથા 'મો' એ સ્વીકારવાચક છે.
'મને પૃથક્તા ઇષ્ટ નથી અને અપૃથક્તા ઇષ્ટ છે' એવા
ઇચ્છા અને ભાવના પ્રદર્શિત કરવાનું સાધન 'નમો' પદ છે.

'अहं करोमि' એ મિથ્યાપદ છે.

'नाहं करोमि।' તથા 'नमः करोमि।'

'તમે જે કરો છો, તેને હું નમું છું તથા સ્વીકાર કરું છું'
એ નમસ્કારના પદનો ભાવાર્થ છે.

'જેને નમું છું, તે મારાથી મોટાં તથા વધારે ગુણવાન છે, હું તેમનાથી નાનો છું તથા તેમના કરતાં ઉતરતો છું' એમ વિચારીને તેમના જેવા થવા માટે જે હાથ જોડી માથું નમાવવું, તે સાચો નમસ્કારભાવ છે.

જેના તરફ પૂજ્યભાવ હોય, તેમના તરફ નમ્રભાવ હોય જ. તે જાહેર કરવા મસ્તક નમાવવું, હાથ જોડવા તે નમસ્કાર. આપણા હૃદયમાં નમ્રભાવ થયો છે, તેની સાચી પાકી ખાત્રી જે હાથ જોડવા અને માથું નમાવવાથી થાય છે.

નમો = શક્તિ = કૃતજ્ઞતા = સાધન.

અરિહંતાણં = શિવ = પરોપકાર = સિદ્ધિ.

નવકારમાં વિનય - શરણાગમન, વિવેક - સુકૃતાનુમોદન, વૈરાગ્ય - દુષ્કૃતગર્હા છૂપાયેલાં છે,

તેથી જ નવકારમંત્ર દ્વાદશાંગના નવનીતરૂપ કહેવાયો છે. 'નમો' પદમાં નમ્રતા, વિનય, વિવેક અને વૈરાગ્ય છે, ઉપરાંત તે તપ, સ્વાધ્યાય અને ઈશ્વરનું ધ્યાન તથા સંજ્વલનનો હ્રાસ અને તથાભવ્યત્વનો વિકાસ પણ છે.

'નમો અરિહંતાણં'માં નમો એ મૂળ,
અરિહં એ શાખા અને તાણં એ પલ્લવ છે.

આ પદના સતત જાપથી પ્રાપ્ત થતી ચિત્તની શાંતિ એ
પુષ્પ (સમતા) અને ઇષ્ટનો સાક્ષાત્કાર એ ફળ (મોક્ષ) છે.

મંત્ર એ મન, શ્રુતિ એ ચિત્ત અને શાસ્ત્ર એ બુદ્ધિ છે.

'ૐ હ્રીં અર્હં નમઃ ।' એ ગૂઢ મંત્ર છે.

હ્રીં મૂળ, અર્હં શાખા, નમઃ પલ્લવ, શાંતિ પુષ્પ અને
આત્મસાક્ષાત્કાર એ ફળ છે. મંત્રરાજનું આ ગૂઢ રહસ્ય છે.

નવકારની આરાધના એ સાધનાઓનું સાધ્યબિન્દુ,
જ્ઞાનીઓનું જ્ઞેયબિંદુ અને ધ્યાનીઓનું ધ્યેયબિન્દુ છે.

દેવ એ પાયો, ગુરુ એ દિવાલ અને ધર્મ એ છાપરું છે,
તેથી ત્રણે તત્ત્વો એકસરખા આરાધ્ય છે.

દેવતત્ત્વ-ગુરુતત્ત્વ એ વસ્તુતંત્ર તથા સ્વરૂપસત્ કારણ છે.
ધર્મતત્ત્વ એ પુરુષ (કર્તૃ) તંત્ર સાધ્યમાનં સત્ કારણ છે.
દેવ-ગુરુ અને તેમના નામાદિ ચાર એ વસ્તુતંત્ર છે.
ભક્ત અને તેની શુભ ચેષ્ટાઓ એ કર્તૃતંત્ર છે.

નમસ્કારમાં મૈત્ર્યાદિ ભાવોની પ્રશંસા છે.
'મૈત્ર્યાદિ ભાવો પાપપ્રણાશક અને ઉત્કૃષ્ટ મંગલકારક છે'
એવું નિરૂપણ નમસ્કારમહામંત્રમાં છે.
નમસ્કારમાં મૈત્ર્યાદિના ભાવવાન પંચપરમેષ્ઠિની પૂજા છે.
નમસ્કારમાં પુદ્ગલ દ્રવ્ય ઉપરના આલંબન નથી,
મમભાવનો સંકોચ અને
આત્મદ્રવ્ય - મૈત્ર્યાદિભાવોનો વિસ્તાર છે.
નમસ્કારમાં આત્મદ્રવ્યના માહાત્મ્યનું ભાન અને
આત્મદ્રવ્ય ઉપર સર્વથી અધિક સુદૃઢ સ્નેહ છે.
'નમો' પદથી દ્રવ્ય અને ભાવનો સંકોચ, નિગોદની
અવસ્થાનું સંસ્મરણ, પ્રશંસા, પૂજા, કદર નથી કરતા.
નમસ્કાર પાપનાશક છે તો અનમસ્કાર પાપપ્રાપક છે.
નમસ્કાર મંગલકારક છે તો અનમસ્કાર અમંગલકારક.
નમસ્કારભાવનો અભાવ તે કઠિનતમ કર્મનો સૂચક છે.
નૈગમનય = કોઈ અપેક્ષાએ પોતાની સર્વથી અધિકાધિક
અને નમસ્કારની ઉત્તમોત્તમ અવસ્થાને સૂચવનાર નય.

V.V. Imp.

## 3 <u>નવકાર શા માટે</u>?

કાયશુદ્ધિ માટે પ્રથમ નવકાર કુદરતને અનુકૂળ કરવા,
વચનશુદ્ધિ માટે બીજો નવકાર કાળને જીતવા અને
મનશુદ્ધિ માટે ત્રીજો નવકાર કર્મને ખપાવવા ગણવો.
આમ કુદરત, કાળ તથા કર્મને યાદ કરી 3 નવકાર ગણવા.

અરિહંતોનો ઉપકાર ગુણપ્રકર્ષ વડે આદર્શરૂપ,
માર્ગદર્શકતાથી પ્રેરણારૂપ, માર્ગરૂપતાથી આલંબનરૂપ છે.
આલંબન માટે દર્શન - પૂજનાદિ,
પ્રેરણા માટે શાસ્ત્ર - આગમાદિ અને
આદર્શ માટે ઘોર તપશ્ચર્યા આદિ છે.

<u>નમસ્કાર મહામંત્રમાં 3 પ્રકારના આત્મા</u>:

પ્રથમ પદના વિષયભૂત નમસ્કાર્ય <u>પરમાત્મા</u> છે,
ચૂલિકાના 4 પદમાં નમસ્કારકર્તા <u>અંતરાત્મા</u> છે તથા
કરુણાના વિષયભૂત અન્ય જીવો <u>બહિરાત્મા</u> છે.
'નમો' પદ મોક્ષ પ્રત્યે મમતા અને
સંસાર પ્રત્યે સમતા અથવા તો નિર્મમતા કેળવે છે.

નવકારમંત્રના પ્રથમ બે પદોમાં સામર્થ્યયોગનો, પછીના ત્રણ પદોમાં શાસ્ત્રયોગનો અને છેલ્લા ચાર પદોમાં ઇચ્છાયોગનો નમસ્કાર રહેલો છે, એવા સમજણપૂર્વક ગણવામાં આવે તો તે લક્ષ્યને વીંધનાર બની શકે છે. સમજણપૂર્વકનો with creative understanding, લક્ષ્યપૂર્વકનો with creative awareness અને અપ્રમાદપૂર્વકનો with creative movement જો નમસ્કાર કરવામાં આવે, તો શીઘ્ર ફલીભૂત થાય છે. 'નમો' એ ધ્યાન અને લય ઉભયસ્વરૂપ છે, કેમકે તેમાં आत्मसंस्मृतिर्ध्यानं । અને विषयविस्मृतिर्लयः । એ બંને ભેગાં રહેલાં છે. 'નમો'થી એકબાજુ આત્માનું ધ્યાન તથા બીજી બાજુ વિષયોની વિસ્મૃતિ સધાય છે.

Denial of self and acceptance of all is the positive side of Namaskar maha મંત્ર.

## પ્રભુ શું શું આપે છે?

(1) નામાદિ વડે આલંબન આપે છે.

(2) ઉપદેશ આદિ વડે તીર્થ આપે છે.

(3) સાધના અને સિદ્ધિ વડે આદર્શ આપે છે.

(4) એ ત્રણેના ફળસ્વરૂપે શુક્લધ્યાન અને સદ્ગતિ આપનાર પ્રભુ જ છે.

## નવકારના જાપનું પ્રયોજન અને ફળ

પ્રયોજન : પાપપ્રણાશ. લાભ : આત્મલાભની પ્રાપ્તિ.

ફળ = અનાત્મલાભનો - પાપનો સમૂળ નાશ.

પાપમાત્રનું મૂળ અજ્ઞાન અને મિથ્યાત્વ છે. નવકારથી આત્મામાં અનાત્મબુદ્ધિ અને અનાત્મમાં આત્મબુદ્ધિરૂપી અનાદિકાળનું અજ્ઞાન નાશ પામે છે અને આત્મામાં આત્મબુદ્ધિ અને અનાત્મામાં અનાત્મબુદ્ધિરૂપી જ્ઞાન પ્રગટ થાય છે. અહીં યથાર્થ આત્મજ્ઞાન એ મંગળનું મૂળ છે તથા આત્માનું અજ્ઞાન, સંશય અને વિપર્યયવાળું જ્ઞાન તે અમંગળ માત્રનું મૂળ છે.

## નવકારની પ્રવૃત્તિનો ઉદ્દેશ શું છે ?

અનાત્મબુદ્ધિરૂપ પાપનાશ નહિ, આત્મબુદ્ધિરૂપ મંગલલાભ.

એ ઉદ્દેશથી ગણાતો નવકાર એ સપ્રયોજન અને સફળ છે, કેમકે તેનું ફળ મોક્ષ છે. મોક્ષરૂપી ફળના ઉદ્દેશથી અને પાપપ્રણાશરૂપી પ્રયોજનને સિદ્ધ કરવાના ઉદ્દેશથી ગણાતો નવકાર એ ભાવમંગળ છે.

નવકારથી આત્મલાભ કેવી રીતે થાય ?

નવકારથી અનાત્મબુદ્ધિ કેવી રીતે જાય ?

આ બે પ્રશ્નો દરેકને થવા સ્વાભાવિક છે.

તે સમજવા તર્ક કે દલીલને છોડીને શાસ્ત્રવચન અને સ્વાનુભૂતિનો જ આશ્રય લેવો સુયોગ્ય છે. નવકાર ગણનારને જીવમાત્ર પ્રત્યે સ્નેહનો ભાવ અને જડ કે પુદ્ગલમાત્ર પ્રત્યે વિરક્તિનો ભાવ પેદા થાય છે, કેમકે નવકારમાં જેઓને નમવામાં આવે છે, તેઓમાં એ ગુણ સિદ્ધ થયેલા છે. તે પંચપરમેષ્ઠિઓ જીવમાત્રના બંધુ અને પુદ્ગલમાત્રના ત્યાગી તરીકે જગે જ પૂજાય છે.

નમો પદનું માહાત્મ્ય ॐ ઉછાવા, ૨૦-૫-૬૬

નમો = સમ્યગ્દૃષ્ટિ જીવના દેવ.

નમો = સમ્યગ્જ્ઞાની જીવના ગુરુ.

નમો = સમ્યક્ચારિત્રી જીવના ધર્મ.

નમસ્કારભાવ વિના માનસિક ભેદભાવ ન ટળે અને તે ન ટળે, ત્યાં સુધી અહંકાર અને મમકાર ન ગળે. અહંકાર તથા મમકારનું ગળવું એટલે ભેદભાવનું ટળવું. ભેદભાવ ટળ્યાં વિના અને અભેદભાવ જાગ્યાં વિના જીવ જીવને જીવરૂપે કદી પણ ન ઓળખી શકે, ન ચાહી શકે, ન આવકારી શકે, ન વર્તી શકે. તે અભેદભાવને ત્રિકરણ યોગે સાધવા માટેનું અદ્વિતીય સાધન નમો છે. નમો વડે એકતા મળે અને એકતા વડે સ્ફુરણ મળે. અરિહંતોને નમસ્કાર આત્માના સર્વ અરિને હણે છે, આપણી એકતાને કરે છે અને શત્રુતાને કાપે છે.

નમો પદ એ અરિહં, અરહં અને અરુહં - એ ત્રણે અર્થને સિદ્ધ કરે છે.

જેડા, ૨૫ - ૪ - ૧૯૬૭, સં. ૨૦૨૩, ચૈત્ર સુદ - ૫, શનિવાર

## ભેદાભેદ રત્નત્રયી

'નમો અરિહં તાણં |' આ ૩ પદ રત્નત્રયસૂચક છે.

નમો = અભેદભાવે નમન = તત્ત્વરુચિ.

અરિહં = શુદ્ધ આત્મતત્ત્વ = તત્ત્વબોધ.

તાણં = ભવભયથી ત્રાણ = તત્ત્વપરિણતિ.

'નમો અરિહં તાણં |' આ ૩ પદ જે અર્થને જણાવે છે,

એ અર્થ ભેદરત્નત્રયીની દૃષ્ટિએ છે.

અભેદરત્નત્રયીની દૃષ્ટિએ પણ તેનો અર્થ ઘટાવી શકાય.

અર્હન્નેવ તાત્ત્વિક: નમસ્કાર:| આ જ તાત્ત્વિક નમસ્કાર.

એમ અર્હં એ તાત્ત્વિક નમસ્કાર છે,

તેમ તાત્ત્વિક ત્રાણ પણ અર્હં જ છે.

અર્હન્નેવ = અર્હન્ + એવ. અહીં એવ કાર વડે

નમો = નમસ્કાર અને અર્હં = અરિહં.

આમ એ બે નો અભેદ સૂચિત કર્યો છે.

એ રીતે અરિહંમાં ત્રાણ સમાઈ જાય છે.

નવકારનું છેલ્લું પદ કહે છે કે:

'જે ભવથી, સ્વાર્થવૃત્તિથી, અહં - મમભાવથી મને - આત્માને દૂર કરી આપે, તે મારે માટે પ્રધાન મંગળ છે, શ્રેષ્ઠ, નિત્ય વધનારું અને શાશ્વત મંગળ છે.'

'નમો' પદ અહંત્વને અર્હંત્વથી તથા મમત્વને સમત્વથી ટાળી - ગાળી - દૂર કરી આપે છે, તેથી મહામંગળ છે.

'નમો'માં આત્મભાવનો સ્વીકાર છે.

'નમો'માં અનાત્મભાવનો તિરસ્કાર છે.

'નમો' પદ એ સર્વોત્તમ ભાવમંગળ છે.

નમોનો 'મો' રૂપી ચંદ્ર, 'ન' રૂપી સૂર્યમાં મળી જશે, તેથી મન આત્મસ્વરૂપમાં લીન થઈ જશે અને તેમાંથી જ 'अरहं' પ્રગટ થશે.

આપણામાં અરિહંતભાવ પ્રગટાવવા માટે જીવમાત્રને સિદ્ધના સાધર્મિક માનો તથા આપણા સૌમાં ભાવચારિત્ર પ્રગટાવવા માટે દ્રવ્યાર્થિકનયથી આત્માને પરમાત્મા સમાન ગણો.

## નમસ્કાર અને મનસ્કાર

આ નવકારમંત્ર વિષે વારંવાર કહેવાનું મન થાય છે કે:
નમસ્કાર મંત્ર એ ભવભયથી પીડિતને શરણદાયી છે,
ભવસમુદ્રમાં ડૂબતાંને દ્વીપતુલ્ય છે,
અનર્થનો પ્રતિઘાત કરવા માટે પ્રબળ સાધન છે,
આત્મધનથી દરિદ્રને ધર્મધનની પ્રાપ્તિ કરવા આશ્રયસ્થાન
અને ભવકૂપમાં પડતાં જીવો માટે આલંબન આપનાર છે.

## નમસ્કારમાં આ સામર્થ્ય શાથી છે?

નમસ્કાર એ સંસાર તરફ ઢળતાં મનને
મોક્ષ તરફ વાળવાનું પરમ સાધન છે.
મનસ્કાર એ જો સૃષ્ટિ છે, તો નમસ્કાર તેનો સંહાર છે.
નમસ્કારથી બાહ્યસૃષ્ટિનું સર્જન કરનાર મનને રોકીને
આત્માની આંતરસૃષ્ટિ તરફ વાળવાનું કાર્ય થાય છે.
નમસ્કાર મનને આત્મા તરફ વાળવાનો પ્રયોગ છે. તેનાથી
બહિરાત્મભાવનો ત્યાગ કરી જીવાત્મા અંતરાત્મભાવમાં
સ્થિર થઈ, પરમાત્મભાવ તરફ વળવાની ક્રિયા થાય.

સં. 2023, વૈ - વ - 2, નવાગ, તા/25-5-1967

'નમો' મંત્ર દ્વારા મન તૃષ્ણાભાવથી રહિત થાય, 'અરિહં' મંત્ર વડે મન સમત્વભાવમાં સુપ્રતિષ્ઠિત થાય અને 'તાણં' મંત્ર વડે મન આત્મારામ બને છે.

મનને વિસ્મયભાવથી રહિત બનાવવા માટે નમો મંત્ર અને તેની અર્થભાવના સહાયક બને છે.

મનને સર્વ સ્થિતિ, સંયોગો અને વ્યક્તિઓ પ્રત્યે સમાન ભાવવાળું ટકાવી રાખવા માટે અરિહં પદ અને તેની અર્થભાવના ઉપયોગી બને છે.

મનને પુદ્ગલભાવ તથા પરભાવથી રહિત બનાવી આત્મભાવ અને સ્વભાવમાં રમતું કરવા માટે તાણં પદ અને તેની અર્થભાવના ઉપકારક થાય છે.

નમો વડે આર્તરૌદ્રધ્યાનનો પરિત્યાગ, અરિહં પદ વડે ધર્મધ્યાનની ભાવના પુષ્ટ તથા તાણં વડે શુક્લધ્યાનનો પહેલો - બીજો પાયો ધ્યાયી શકાય, તેથી તે મહામંત્ર છે.

મંત્રાણામચિન્ત્યશક્તિતા । - તત્ત્વસૂત્ર

## નમસ્કારના ગુણ અપરંપાર છે.

નમસ્કારથી ધીરોદાત્તતા અને ધીરશાન્તતા પ્રાપ્ત થાય છે.
કષ્ટ વખતે ધીરતા, સંપત્તિ વખતે ઉદાત્તતા,
આપત્તિમાં નિશ્ચલતા અને ઉપસર્ગ વખતે શાંતતા થાય છે.
સમત્વની ભાવના તિર્યક્ સામાન્યથી શાંતતા - ઉદાત્તતા
લાવે છે. સમત્વની ભાવના સૌને ઊર્ધ્વતા સામાન્યથી
ધીરતા અને નિશ્ચલતા પ્રાપ્ત કરાવે છે.
નમસ્કાર, વંદન અથવા પ્રણામ દૈન્યભાવના પ્રતીક છે.
જે સર્વૈશ્વર્ય સંપન્ન અને સર્વ સમર્થ છે, તેનો આશ્રય
ગ્રહણ કરવા માટે અને પોતાની સર્વ સાધનહીનતા તથા
પરાધીનતા પ્રગટ કરવા માટે 'નમો' પદનું ઉચ્ચારણ છે.
પ્રભુનું શરણ જે ગ્રહણ કરે છે, તે જ એક દુસ્તર એવા
અને દુરત્યય એવા માયાને તરી જાય છે.

o

*He who chooses the infinite,*
*has been chosen by the infinite.*

## 'નમો અરિહંતાણં'માં શું શું સમાવિષ્ટ છે?

દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના, શરણાગમન, શૂન્યતા, પ્રકૃતિ,
સ્વસંવેદિતા, સ્વસ્વાભિન્ન પરમાત્મરૂપતા તથા
અષ્ટવિશેષણોથી યુક્તત્વાદિ.

નવકાર મંત્રના કાષ્ઠા ધ્યાનમાં 'કાષ્ઠા' એટલે ધ્યાન વડે મનની એકાગ્રતા થવાથી થતો ઉચ્છ્વાસાદિનો નિરોધ છે.

નવકારનું પ્રથમ પદ જ અશુભ ધ્યાનથી અટકાવી, શુભ ધ્યાનમાં જોડીને શુદ્ધ સ્વરૂપમાં ચિત્તની પરમ એકાગ્રતા કરાવે છે, તેથી નવકારમંત્રનું સતત રટણ, મનન અને નિદિધ્યાસન એ મહાનિર્જરાનું સાધન છે.

ચિન્માત્ર સમાધિની પરાકાષ્ઠા સાધકને પ્રાપ્ત થતી હોવાથી 'નમો અરિહંતાણં' એ સમાધિનો મહામંત્ર બને છે.

દેવ, ગુરુ, આત્મા, મંત્ર, મન અને પવનની એકતા વડે અંતરાત્મભાવની પ્રાપ્તિ થાય છે. તેથી જ કહ્યું છે કે:

ગુરુમંત્રદેવતાત્મમનઃપવનાનામૈક્ય -
નિષ્કલનાત્ અંતરાત્મ - સંવિત્તિઃ ।

## નમસ્કાર એ ઋણમુક્તિનો મંત્ર છે.

'પોતાના માથે ઋણ છે' એમ માનનાર વ્યક્તિ આપોઆપ નમ્ર બની નિરહંકાર રહે છે. પ્રત્યેક જન્મમાં બીજા ઉપર કરેલા અપકાર અને બીજાના પોતાના ઉપકારને યાદ રાખનારી નમ્ર રહીને અપકારના બદલામાં ઉપકાર, ઉપકારના બદલામાં પ્રત્યુપકારની ભાવનાવાળો રહે છે. અપકારનો બદલો સમતાભાવથી ક્ષમાપનામાં રહેલો છે અને ઉપકારનો બદલો આત્મભાવથી વળે છે.

'નમો' મંત્ર અપકાર અને ઉપકાર -
એ બંનેનો બદલો એક સાથે વાળી શકે છે,
બીજું કારણ તેના પાછળ કર્મવિપાકનો તથા
આત્મભાવ પામવાનો વિચાર છે.

'નમો' મંત્રમાં કર્મનો અનાદર અને ધર્મનો આદર છે. 'નમો' મંત્રમાં 'કર્મનો બંધ પરાપકારથી થાય છે' તેના સ્વીકાર સાથે 'ધર્મની પ્રાપ્તિ પરોપકારથી જ થાય છે' એ હકીકતનો પણ શ્રદ્ધાપૂર્વક સ્વીકાર છે.

## નમો - નમસ્કાર મહામંત્રનું નઝરાણું

આ સિદ્ધમંત્રનું સ્મરણ કરવામાત્રથી જીવરાશિ ઉપર સ્નેહપરિણામ જાગૃત કરવા સ્વતંત્ર અનુષ્ઠાન અથવા પુરશ્ચરણાદિ વિધિની જરૂર પડતી નથી. જે અરિહંતાદિને સ્મરે, તે આત્મસાક્ષાત્કાર કરીને સ્વરૂપમાં વિશ્રાંત થાય અને આત્મજ્ઞાનરૂપ મહામોક્ષને પામે છે.

નમસ્કાર મંત્રથી પાપનું પ્રાયશ્ચિત, ધર્મનું બહુમાન અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતી હોવાથી તે એક જ મંત્રમાં આત્મકલ્યાણના સર્વ અનુષ્ઠાનોનો સાર આવી જાય છે. નમસ્કાર મંત્ર સર્વ પાપનો પ્રણાશક અને સર્વ મંગળોનું જે મૂળ કહેવાય છે, તેનું કારણ તે પાપના પ્રાયશ્ચિતની બુદ્ધિથી પાપરહિત પુરુષોને નમન ક્રિયારૂપ છે, તે છે. ઉપકારનો સ્વીકાર પણ નમસ્કાર વડે થાય છે અને અપરાધની ક્ષમાપના પણ નમસ્કાર વડે જ થાય છે.

એક નમસ્કાર અપરાધને ખમાવવા માટે અને
એક નમસ્કાર ઉપકારને સ્વીકારવા માટે છે.

## 'નમો અરિહંતાણં'માં...

'નમો' એ મનોગુપ્તિસ્વરૂપ - 'અરિહં' એ આત્મદ્રવ્ય છે.

તેમને નમસ્કાર એ ત્રાણસ્વરૂપ છે.

નમો = ક્ષમાપના તથા અપરાધની કબૂલાત.

અરિહં = શોધના તથા ગુણનો આવિષ્કાર.

તાણં = ભાવના તથા ગુણનો સ્વીકાર.

ભેદભાવની નદી ઉપર જે માનવ પુલ બનાવી આપે, તે માનવતાનો સૌથી મોટો એન્જિનેર છે.

ભાવ નમસ્કારનો અભ્યાસ એ ભેદભાવની ઊંડી નદી ઉપર પુલ બાંધવાની ક્રિયા છે. 'નમો' એ સેતુ છે. 'મનનું રક્ષણ નમો વડે થાય છે' એ એનો અર્થ છે. નમો અને મનોગુપ્તિ - એ રીતે પર્યાયવાચક શબ્દો છે.

'નમો' મંત્રનો અર્થ છે : મનન વડે રક્ષણ. એ અર્થને બતાવનાર 'મનોગુપ્તિ' શબ્દ છે. સંકલ્પ - વિકલ્પ છોડવાથી મનનું રક્ષણ થાય છે. 'નમો' મંત્ર સંકલ્પ - વિકલ્પ છોડાવે છે.

'નમો' મંત્ર સમત્વભાવમાં સ્થિર કરે છે.

મનનું રક્ષણ આત્મારામતાથી સહેજે

આત્મામાં જ એક રમણ કરવાથી થાય છે.

'નમો' એક આત્મસ્વરૂપમાં જ રમણ કરવાનો અભ્યાસ કરાવે છે, તેથી નમો મંત્ર અને મનોગુપ્તિ એકાર્થક, એક જ પ્રયોજનને સિદ્ધ કરનારી બે વસ્તુ બની જાય છે. મનોગુપ્તિ મનના રક્ષણની નિષેધાત્મક બાજુ બતાવે છે અને નમો મંત્ર તેની જ વિધેયાત્મક બાજુ રજુ કરે છે. તમામ તીર્થંકરો - સિદ્ધ પરમાત્માઓની સકલ સિદ્ધિઓ 'નમો' ભાવમાંથી જ ફાલીફૂલી છે. નમસ્કારભાવ એટલે ક્ષમાયાચના એટલે સંવર. નિર્જરા એટલે મોક્ષ - નિર્વાણ. નમો શબ્દ અર્ધમાત્રા છે. તે અમાત્ર તરફ લઈ જાય છે. ત્રિમાત્રમાંથી અમાત્ર તરફ જવા માટે અર્ધમાત્રા સેતુરૂપ છે. મંત્રનું સામર્થ્ય તેમાં રહેલ મંત્રસંકલ્પતાને લીધે છે. મંત્રવર્ણોમાં ઊર્જાનો અખૂટ ભંડાર છે પણ એનારીમાંથી

કોઈક મહાપુરુષ જ સિદ્ધિ માટે પ્રયત્ન કરે છે.

નવકારમાં રહેલ વિશિષ્ટ શબ્દરચના શક્તિવાળી હોવાથી
એનાં આંદોલનો અધિક સહાયક બને છે,
માટે જ આ નવકાર મંત્રનું વિશિષ્ટ મહત્વ છે.
મન જેમાં લીન બને, તેમાં આત્મા તદ્રૂપ બની જાય છે.
પરમાત્મપદમાં લયલીનતાની વૃદ્ધિ થવાથી
આત્મા પરમાત્મસ્વરૂપ બની જાય છે.
માટે પરમાત્મસ્મરણ એ સકલ શાસ્ત્રોના સારભૂત છે.
દરેક ઇંદ્રિય ઉપર નવકારને ધાને બેસીને જુઓ,
તો જરા (ઘડપણ) અને મરણ પ્રવેશ શકશે નહિ.
યુવાનીમાં સતત ઈશ્વરસ્મરણ ચાલુ રહે,
તો આ જન્મ સુધરે તથા વૃદ્ધાવસ્થામાં
ઈશ્વરનું સ્મરણ કરનારનો હવે પછીનો જન્મ સુધરે છે.
સર્વ જીવના મંગળની ભાવના સર્વ પાપનો નાશ કરે છે.
આત્મહિતની અભિલાષા સર્વ મંગળમાં પહેલું મંગળ છે.
આપણા આત્મભાવને પ્રગટાવનાર એવા
પરમેષ્ઠિ નમસ્કારનો ઉપકાર નિઃસીમ છે.

## 'મંત્ર' એટલે ગુહ્ય ભાષણ.

આત્માનું પરમાત્મા સાથે ગુહ્ય ભાષણ જે પદોથી થાય,
તે પદો 'મંત્રપદો' કહેવાય છે.
ગુહ્ય ભાષણ એટલે અન્ય કોઈની હાજરી કે જાહેરાત વિના
'આત્મા-પરમાત્મા છે, મારો આત્મા તત્ત્વથી પરમાત્મા છે'
એ વાતનું સ્વસાક્ષીએ મનન.
નવકારના પ્રથમ પદના ધ્યાન, રટણ તથા પુનઃ ઉચ્ચારણાદિ
ભાન, શ્રદ્ધાન અને ધ્યાન સહજપણે મળે છે,
તેથી તે સર્વ મંત્રોમાં શિરોમણિ મંત્ર છે.
નમસ્કારના સ્થાને પરમાત્મા પણ છે,
તે જોતાં 'નમો' = નમસ્કાર સ્વરૂપ પરમાત્મા,
'નમો' પદથી ઉપાસ્ય બને, એ વાત પણ યથાર્થ છે.
'નમો' પદવાચ્ય એવા પાંચે પરમેષ્ઠિ જ સાધકના
જીવનમાં રક્ષણ, શરણ અને શાંતિ આપી શકે એમ
છે, એનો જેમ-જેમ અનુભવ થતો જાય, તેમ-તેમ
સાધકમાં રુચિ, પ્રતીતિ અને બહુમાન વધતાં જાય છે.

## નમસ્કાર મંત્રથી સૌથી અઘરા ક્યા પાપ નાશ પામે?

નવકારથી નવમું પાપસ્થાન લોભ અને
અઢારમું પાપસ્થાન મિથ્યાત્વશલ્ય નાશ પામે છે.
નવકાર એ દુન્યવી લોભનો શત્રુ છે તથા
મુક્તિસુખનો લોભ પેદા કરે છે.

નવકાર એ પાપમાં પાપબુદ્ધિ અને પુણ્યમાં ધર્મબુદ્ધિ પેદા કરનાર હોવાથી મિથ્યાત્વશલ્યનો નાશક છે. મિથ્યાત્વશલ્યરૂપી જડતાનો ઉચ્છેદ કરનાર નવકાર શુદ્ધ દેવ - ગુરુ - ધર્મ ઉપર સાચો પ્રેમ જગાડે છે. એ પ્રેમમાં જડતાનો છેદ - ચૈતન્યસુખની ઉત્પત્તિ થાય. શુદ્ધ આત્મસ્વરૂપ એ અનંત આનંદ, વીર્ય અને અનંત જ્ઞાન તથા દર્શનથી ભરપૂર છે.

પંચપરમેષ્ઠિઓએ પાંચ વિષયો ત્યજ્યા છે અને ચારે કષાયોને જીત્યા છે. વળી પાંચ આચારો અને પંચમહાવ્રતોમય જીવન જીવવાને આઠ પ્રવચન માતા અને અઢાર હજાર શીલાંગ રથ ઉપર આરૂઢ થયા છે.

## નવકારના ભાષ્ય - ઉપાંશુ - માનસ - અજપાજપ

(૧) શબ્દ = વૈખરી વાણી વડે ભાષ્યજાપ થાય છે.
બાજ રીતે જોઈએ તો ભાષ્ય વડે શબ્દાનુસંધાન થાય છે.

(૨) અર્થ = મધ્યમા વડે ઉપાંશુજાપ થાય છે.
બાજ રીતે જોઈએ તો ઉપાંશુ વડે અર્થાનુસંધાન થાય છે.

(૩) તત્ત્વ = પશ્યંતી વડે માનસજાપ થાય છે.
બાજ રીતે જોઈએ તો માનસ વડે તત્ત્વાનુસંધાન થાય છે.

(૪) સ્વરૂપ = પરા વડે અજપાજપ થાય છે.
બાજ રીતે જોઈએ તો અજપાજપથી સ્વરૂપાનુસંધાન થાય છે.

નમસ્કાર એ અર્હત્સ્વરૂપ છે, અર્હત્ નમસ્કારરૂપ છે.
'હું પરમાત્મસ્વરૂપ છું, પરમાત્મસ્વરૂપ હું છું.'
આત્માથી પરમાત્માનો - પરમાત્માથી આત્માનો અભેદ.

## 'નમો' પદમાં રહેલાં ૩ અર્થ

(૧) મૈત્રીરક્ષા - તુલાપરિણામ (૨) શુદ્ધિરક્ષા - મધુરપરિણામ
(૩) નમ્ર-વિનયરક્ષા - ભક્તિરક્ષા - ખીરખાંડયુક્ત પરિણામ.
નમ્ર થવાથી શુદ્ધ અને શુદ્ધ થવાથી એક થવાય છે.

'નમો' એ મોક્ષમાં જવાનો અવ્યક્ત માર્ગ છે.
અવ્યક્તમાં ચિત્ત સ્થાપવું એ અધિક ક્લેશકર છે, તેથી
અરિહંતાદિ વ્યક્ત પદો તેની સાથે જોડવામાં આવે છે.

નવકારમંત્ર માધ્યસ્થ્યમય છે, કેમકે
તેમાં પૂજ્ય એવા પંચ પરમેષ્ઠિઓનું સ્મરણ છે.
માધ્યસ્થ્યભાવ વિના પૂજ્યતા આવતી નથી.

આ રીતે નવકારનો સાર માધ્યસ્થ્ય ભાવના હોવાથી
તે પરંપરાએ ચૌદ પૂર્વનો પણ સાર બને છે.

નવકારના પ્રથમ પદમાં કઈ રીતે ભેદરત્નત્રયી પણ છે?

નમો - એ શ્રદ્ધાસૂચક છે.
અરિહં - એ સર્વહિતાનું ભાન હોવાથી જ્ઞાનસૂચક છે.
તાણં - એ મનન ક્રિયારૂપ હોવાથી ચારિત્રસૂચક છે.
નમો એ ધર્મ પ્રતિ મૂલભૂત વન્દના હોવાથી દર્શનરૂપ છે.
અરિહં જ્ઞાનભાન છે જ.
યોગશાસ્ત્રમાં તેને સર્વ જ્ઞાનપ્રકાશક મંત્ર કહ્યો છે.
તાણં = ત્રાણ. એ મનન વિના ન હોય. મનન તે ચારિત્ર છે.

# દ્રવ્ય - ભાવસંકોચ

દેવ - ગુરુ તથા મનની વિશુદ્ધતા, તે બંને અનુક્રમે
દ્રવ્ય - ભાવસંકોચ છે. તે 'નમો' મંત્ર વડે સધાય છે.
મનની વિપરીતતા તે 'નમો' પદનો અર્થ છે.
'નમો' એટલે વિનિપાતન = નોમિસંકોચ,
સન્નિપાતન = અરિસંકોચ, પ્રણિપાતન = બિંદુપરિક્રમા.
નમસ્કાર એ જેમ ધર્મ તથા ધર્મીના બહુમાનરૂપ છે,
તેમ અધર્મ - અધર્મીના દ્રવ્ય - ભાવસંકોચરૂપ છે.
નમસ્કારનું ફળ એ છે કે : મન - વચન - કાયાથી
અધર્મ પ્રત્યે લઘુભાવ - અધર્મી પ્રત્યે ઉપેક્ષાભાવ.
પરવસ્તુનો અહંકાર એ અધર્મનું બીજ છે.
તેનો સંકોચ, મદ - માનાદિનો ત્યાગ એ નમસ્કાર છે.
નમસ્કારનો એક અર્થ ધર્મપ્રશંસા છે,
તેથી હૃદયરૂપી ભૂમિમાં ધર્મબીજનું વપન થાય છે.
શ્રદ્ધાજળના સિંચનથી તેમાં ધર્મચિંતાંકુર ફૂટે છે.
સદ્ધર્મની ત્રિવિધે થતી પ્રશંસા એ નમસ્કાર પદાર્થ છે.

## 'નમામિ' અને 'ખમામિ'

આ બે શબ્દો જિનશાસનનું અર્ક છે.

ધર્મને પામેલ જીવો સાથે 'નમામિ' શબ્દપ્રયોગ સાર્થક છે.
ધર્મ નહીં પામેલ જીવો સાથે 'ખમામિ' શબ્દ સાર્થક છે.

'ખમામિ' શબ્દમાં શું શું આવી જાય ?

કરેલા અપરાધોની ક્ષમાપના અને તે જીવોના પોતાના પ્રત્યે થયેલા સર્વ અપરાધોને પણ સહન કરવાની વૃત્તિ.

જગમાત્ર પ્રત્યે એક 'નમામિ' અને બીજો 'ખમામિ' એ બે શબ્દોનો જ વ્યવહાર હોવો જોઈએ, જેથી ત્રીજા પ્રકારની કોઈપણ અન્ય વૃત્તિ અનવકાશ છે.

શાસ્ત્રોક્ત આરાધકભાવ નમામિ અને ખમામિમાં રહેલો છે.

નમામિ સવ્વ જિણાણં । ખમામિ સવ્વ જીવાણં ।

નમામિ શબ્દ સુકૃતાનુમોદના અર્થમાં છે અને
ખમામિ શબ્દ દુષ્કૃતગર્હા અર્થમાં છે.

ભવ્યત્વપરિપાકના પરમ સાધનો એટલે...
દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનાપૂર્વક ચતુઃશરણાગમન.

નવકારના પ્રથમ પદનો અર્થ એ છે કે:

અરિહં, અરહં તથા અરુહંને જે જાણે, તેને નમસ્કાર.

અરિહં (ધર્મકાય - જન્મ જાતે),

અરહં (કર્મકાય - જીવન જાતે) અને

અરુહં (તત્ત્વકાય - મરણ જાતે)ને નમસ્કાર.

અરિહંતોને નમસ્કાર એ ત્રાણસ્વરૂપ છે.

'અરહં' એ શબ્દબ્રહ્મ હોવાથી પરબ્રહ્મનો વાચક છે.

પરબ્રહ્મ એ પરમાત્મસ્વરૂપ છે.

તે ચૈતન્યપરમાત્માથી એકરૂપ છે.

તેનો નમસ્કાર એટલે તદ્રૂપ પરિણમન, જે નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિનું કારણ હોવાથી ભવભયથી રક્ષણ કરે.

અરિહં, અરહં કે અરુહં એ આત્મસ્વરૂપ છે.

તેનો બોધ થવાથી શ્રુતસામાયિકની ઉત્પત્તિ થાય છે.

શ્રુતસામાયિક સમ્યક્ત્વ સામાયિકનું કારણ છે.

અરિહંતને ભાવનમસ્કાર એ સમ્યક્ત્વ સામાયિકરૂપ છે, કારણ કે તેમાંની આત્માની અભેદભાવે પ્રતીતિનું ફળ

સર્વવિરતિ સામાયિક, અપ્રમત્તભાવ, અકષાય ભાવની
પરંપરાએ સયોગી અને અયોગી અવસ્થાને અપાવે છે,
તેથી તેમાં સાધુ તથા સિદ્ધ નમસ્કાર વગેરે નમસ્કારની
ભાવના આવી જાય છે. આત્મતત્ત્વની પ્રતીતિ થયા
વિના ઉપરના ગુણસ્થાનકોની પ્રાપ્તિ અશક્ય છે,
સંગ્રહનયનું સામાયિક એ જ ભાવનમસ્કાર અને
ભાવનમસ્કાર એ જ સંગ્રહનયનું સામાયિક.
તેમાં સ્વરૂપાસ્તિત્વ રૂપે અને સાદૃશ્યાસ્તિત્વ રૂપે
આત્મતત્ત્વની એકતાનું જે ભાન થાય છે,
તે અનાદિ અજ્ઞાનગ્રન્થિનો છેદ કરે છે.
નમસ્કાર મંત્ર એ ચૈતન્ય પરમાત્માથી આત્મતત્ત્વની
એકતાનો બોધ કરાવી વૈર-વિરોધનો નાશ કરે છે અને
સ્નેહપરિણામની વૃદ્ધિ કરે છે.
તે દયા, દાન, પરોપકાર આદિ અનેકાનેક
સદ્ગુણોને સહજ બનાવે છે અને
અલ્પકાળમાં જ મુક્તિસુખની પ્રાપ્તિ કરાવે છે.

નવકારરૂપી મંત્રરાજના ધ્યાનના પ્રભાવથી
'પરમાત્મતત્ત્વ શું છે' તે વધુને વધુ સ્પષ્ટ થાય છે.

આ તે તત્ત્વ છે કે જેના ધ્યાનથી સર્વ શક્તિઓ પરિપૂર્ણ થાય. જેમ બીજમાં વટવૃક્ષ શક્તિરૂપે રહે છે, તેમ અર્હં તત્ત્વમાં સમગ્ર ધર્મતીર્થવૃક્ષ શક્તિરૂપે રહેલ છે. સોઽહં કે અર્હં એવું જે શાસ્ત્રવચન તે જ સફળ છે, જે શીઘ્ર કર્મકચરાને બાળીને આત્મતત્ત્વધ્યાન કરાવે છે.

મંત્ર એ મનન અને ત્રાણ કરે છે.

'મનન' એટલે પરમાત્માભેદનું અનુસંધાન.

શાસ્ત્રોમાં જ્યાં જ્યાં જિનપદ આવે છે,
ત્યાં ત્યાં ધ્યાતાનો આત્મા મુખ્યત્વે અભિપ્રેત છે.

તાત્ત્વિક નમસ્કાર અને તાત્ત્વિક પ્રતિષ્ઠા એકાર્થક છે. નમસ્કાર્યની સાથે જ્યારે નમસ્કારકર્તા અભેદપ્રણિધાન કરે, ત્યારે કર્તા, કર્મ અને ક્રિયા એકાકારને પામે છે.

તાત્ત્વિક નમસ્કાર એટલે...

નમસ્કાર્ય સાથે નમસ્કારકર્તાના અભેદએકત્વનું પ્રણિધાન.

## અર્હદ્ નમસ્કાર એટલે...

પરમાત્માને ઉદ્દેશીને પોતાના આત્માનું
તાત્ત્વિકસ્વરૂપ જેમાં પ્રણિધાનનો વિષય બને છે તે.

## તે શા માટે ચૌદ પૂર્વનો સાર ?

તેમાં ધ્યાનની સાથે ધ્યાતા અને ધ્યેય એકત્વ પામે છે,
તેથી આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ બને છે માટે.

## મહામંત્ર અષ્ટાપદરૂપ કઈ રીતે ?

સેંકડો નદીઓનું જળ એક સિંધુમાં છે,
હજારો સિંધુનું જળ એક અષ્ટાપદમાં છે.
મનરૂપી નદીને પરાસ્ત કરનાર મંત્રરૂપી સિંધુ છે.
તેમાં પણ અષ્ટસંપદાયુક્ત મહામંત્ર અષ્ટાપદરૂપ છે.

## ૮ સંપદાયુક્ત નવકારમંત્ર એ...

અષ્ટકર્મનો નાશક, અણિમાદિ ૮ સંપદાઓનો દાયક તથા
જ્ઞાનાદિ અનંતગુણોને સિદ્ધ કરવાનું સામર્થ્ય ધરાવે છે.
૧૪ પૂર્વનો સાર નવકાર છે.
નવકારનો સાર આત્માનું પરમાત્મા સાથે મિલન છે.

# પંચ નમસ્કાર સામર્થ્ય

શ્રી નવકાર એ પંચ પરમેષ્ઠિની
આધ્યાત્મિક સમૃદ્ધિનું શબ્દમય પ્રતીક છે.

જગસૃષ્ટિમાં માનવજીવન સર્વશ્રેષ્ઠ છે અને એમાં પણ પંચ પરમેષ્ઠિ ભગવંતોનું જીવન સર્વથી શ્રેષ્ઠ છે. તેમને સ્મરણમાં રાખતો નમસ્કાર એ સર્વ પાપ કરવાની ઇચ્છાઓને વિલીન કરી, સર્વ શુભ ઇચ્છા-મનોરથોને પૂર્ણ કરવાનું સામર્થ્ય ધરાવે છે. અશુભ ઇચ્છાઓ શાંત થાય, શુભ ઇચ્છાઓ જાગૃત થાય અને જાગેલી તે સર્વ શુભ ઇચ્છાઓ પૂર્ણ થાય, એ સામર્થ્યલાભ મંગળમાં છે અને સર્વ પ્રકારના ભાવમંગળોમાં પ્રધાન-શ્રેષ્ઠ - ઉત્તમ મંગળ પંચ પરમેષ્ઠિને કરાતો નમસ્કાર છે. જેમ પાંચ આંગળીઓ કરતાં તેનાથી બનેલ પંજો અને પંજાથી પણ તેના વાળેલા મુઠ્ઠીમાં સામર્થ્ય વધે છે, તેમ અહિંસાદિ છૂટા છૂટા ધર્મો અને ધર્મોને ધારણ કરનાર પંચ પરમેષ્ઠિઓ કરતાં એ પાંચેને એક સાથે કરેલાં

નમસ્કારના ભાવમાં ઘણું વધારે બળ હોવાથી તેના પ્રભાવે અશુભ ઇચ્છાઓ નાશ પામી જાય છે અને તે બધાને પૂર્ણ કરવાનું પુણ્યબળ વધતું વધતું સિદ્ધપદે, અવિનાશી સ્થાને પહોંચાડનારૂં થાય. વચ્ચે રૂકાવટ કર્યા વિના જ અંતિમ સુખની પરાકાષ્ઠા સુધી તે પહોંચાડે છે.

નમો લોએ મંગલં = લોકસ્થિત મંગલસ્વરૂપને નમન હો.

'નમો'થી કઠોરતાનો સંકોચ તથા કોમળતાનો વિકાસ થાય.

સ્વોત્કર્ષ તથા પરાપકર્ષ એ કઠોરતા છે.

સ્વાપકર્ષ અને પરોત્કર્ષ એ કોમળતા છે.

કોમળતા દયા સ્વરૂપ છે અને દયા એ જીવો પ્રત્યેના આત્મતુલ્ય લાગણી છે. કઠોરતા એ અહંકાર સ્વરૂપ છે. અહંકાર એ પોતાના ઉત્કર્ષની માગણી છે. માગણીનો સંકોચ તથા લાગણીનો વિસ્તાર એ નમસ્કારપદનો અર્થ છે.

o

શ્રી Navkar Mahamantra is a Literal symbol of spiritual splendour.

## તીર્થંકરોનું નામ આનંદદાયક

નવકારમાં અહીં કાળના તીર્થંકરોને નમન છે.

નામ એ પરમ નિધાન - અમૃતનો કુંભ છે.

એ જન - મન પ્રક્ષાલન - આગમમાં વહેતી ગંગા છે.

નામ એ રાત - દિવસ ઘડીભર પણ ન વિસરવા લાયક છે.

મયૂરને મન જેમ મેઘ, ચકોરને મન ચંદ્ર, ભ્રમરને મન પદ્મ, કોયલને મન આમ્ર, સીતાને મન રામ, રતિને મન કામ, પંથીને મન ધામ, વ્યાપારીને મન વ્યાજ, પરોપકારીને મન દાન, જ્ઞાનીને મન તત્ત્વચિંતન, ધ્યાનીને મન ત્યાગ તથા યોગીને મન જેમ સંયમધર્મવૃદ્ધિ, તેમ...

તત્ત્વગુણરસિકને મન તીર્થંકરોનું નામ આનંદદાયક છે.

## તીર્થંકરોના નામગ્રહણથી શું થાય?

તીર્થંકરોનું નામ લેનારને ઘેર નવનિધાન,

આંગણે કલ્પવેલિ અને ઘટમાં અષ્ટમહાસિદ્ધિ રહેલી છે.

નામગ્રહણથી કાયાકષ્ટ વિના જ ફળ મળે છે.

નામરૂપી અમૃતપાનથી મિથ્યામતિવિષ તત્કાળ નાશ પામે.

નવકારમાં 'નમો' એ તીર્થંકરોનું અદ્રશ્યપણે નામ જ છે.
તીર્થંકરોનું નામ લેનારને કોડી તપનું ફળ મળે છે.
અજરામરપદની પ્રાપ્તિ હસ્તકમળવત્ સુલભ બને છે.
તીર્થંકરોના નામગ્રહણથી સકલ કામનાઓ સિદ્ધ થાય છે.
નામગ્રહણથી જિહ્વા અને જન્મ સફળ થાય છે.
નામગ્રહણથી કષ્ટ અને વિઘ્નો દૂર થાય છે.
નામગ્રહણથી મંગલ અને કલ્યાણની પરંપરા મળે છે,
મહિમા - મોટાઈ - યશ - કીર્તિ - બહુમાન વધે છે,
સદ્‌ગતિના દ્વારોનું ઉદ્‌ઘાટન થાય છે,
સુયશ - મહોદય અને વિજય થાય છે,
આનંદ - વિલાસ - લીલા - લક્ષ્મી મળે, દુર્જનોનું ચિંતવેલું
નિષ્ફળ જાય, દુર્ગતિ દ્વારો બંધ થાય, ભવજલતરણ થાય,
શિવસુખ સાથે મિલન થાય તથા
આત્મોદ્ધારનું કાર્ય વગેરે સુલભ બને છે.
તેથી જ તીર્થંકરોનું નામ સુખકર છે,
ગુણકર, હિતકર, મંગલમય, પવિત્રમય, સદા સેવનીય છે.

# મંત્રજાપની વિધિ

મંત્ર કે ઈશ્વરના નામનો પ્રત્યેક અક્ષર ચિન્મય છે, તેથી પ્રથમથી જ નામને ચિન્મય, અચિન્ત્ય શક્તિસંપન્ન તથા ભગવત્સ્વરૂપથી અભિન્ન માનીને સાધના કરવી જોઈએ. કંચનની જેવી પ્યાર નામ ઉપર અને કામીને કામિની ઉપર છે, તેવી ભાવ રૂપ ઉપર સ્થિર કરવો જોઈએ. નામજપનું આશ્ચર્યજનક ફળ દીર્ઘકાળના નિરંતર સાધનથી શુદ્ધ થયેલ અંતઃકરણમાં પ્રતિભાસિત થતો રહેય છે. હૃદય અને બુદ્ધિ સ્વચ્છ થયાં પછી જ નામમાં રહેલ અચિન્ત્ય ભાવસંપત્તિનો આસ્વાદ જાણી શકાતો રહેય છે.

નામમાં અક્ષરબુદ્ધિ રાખવી, એ મોટો અપરાધ છે.

નામ એ પદસ્વરૂપ, પદ એ ભાવસ્વરૂપ અને
ભાવ એ આત્મસ્વરૂપ છે.

આત્મસ્વરૂપ પરમાત્મસ્વરૂપ કથંચિત્ અભિન્ન છે, તેથી
નામસ્મરણ, ચિન્તન અને નિદિધ્યાસન -
એ સાધકનું અભીષ્ટ બનવું જોઈએ.

(૧) નમસ્કારનું સાક્ષાત્ ફળ વિરતિ છે.

વિરતિ = વિગત રતિ અને વિશિષ્ટ રતિ.

તેમાં પુદ્ગલ જડતત્ત્વ પ્રત્યે રતિ ચાલી જવા અને જીવતત્ત્વ પ્રત્યે વિશિષ્ટરતિ થવા, તે નમસ્કારનું ફળ છે. પુદ્ગલ પ્રત્યે રતિ ચાલી જવાથી પાપનો નાશ થાય અને જીવ પ્રત્યે વિશિષ્ટ પ્રીતિ થવાથી મંગળનો લાભ થાય છે.

(૨) 'નમો' વડે આત્માને દમવાથી ક્ષમા અને નિર્લોભતાના પરિણામ જાગે છે. ક્ષમાથી જીવરાશિ પ્રત્યે સ્નેહ અને નિર્લોભતાથી પુદ્ગલ રાશિ પ્રત્યે અસ્નેહ થાય છે.

(૩) 'નમો' એ પાંચ ઈંદ્રિયો અને મનને દમવાનું શ્રેષ્ઠ સાધન છે. આ પદની સાધનાથી ક્ષમા - સ્નેહ જાગે છે.

(૪) પંચ પરમેષ્ઠિ પુદ્ગલ પ્રત્યે વિરક્ત અને ચૈતન્ય પ્રત્યે અતિરક્ત છે, તેથી તેમને નમસ્કાર પણ જડ પ્રત્યે વિરક્ત, ચૈતન્ય પ્રત્યે રક્ત બને છે. ચૈતન્યનો રાગ અને પુદ્ગલનો વિરાગ શમ, દમ, સંતોષથી યુક્ત કરે છે અને કામ - ક્રોધ - લોભથી જીવને મુક્ત કરે છે.

(૫) નવકાર એ ચૈતન્યને નમન અને જડને અ + નમન, ન + મનરૂપ છે. ચૈતન્ય હિતકર હોવાથી નમસ્કરણીય તથા જડ એ અહિતકર હોવાથી તિરસ્કરણીય છે.

ચૈતન્ય લાગણીયુક્ત - જડ લાગણીશૂન્ય છે. લાગણીશૂન્ય પ્રત્યે ગમે તેટલા નમનશીલ રહેવામાં આવે, તો પણ તે વ્યર્થ છે. લાગણીયુક્ત જીવો પ્રત્યે નમ્ર રહેવાથી લાગણી મળે છે. લાગણી એટલે સ્નેહ, દયા, પ્રેમ, ઉપકાર અને સંવેદના.

(૬) નવકારમંત્ર પાપનાશક અને મંગલનો ઉત્પાદક છે, તેમાં કારણ ચૈતન્યનું બહુમાન અને જડનો અનાદર છે. પંચપરમેષ્ઠિ - કે જેમના હૃદયમાં જડનો લેશ પણ આદર રહ્યો નથી, તેમને નમવા - તેમના પ્રત્યે આદર કેળવવાથી પાપનો નાશ થાય છે અને મંગળની ઉત્પત્તિ થાય છે. નવકારથી જડનો અનાદર તથા ચૈતન્યનો આદર શિખે છે. જડનો અનાદર પાપનાશક - ચૈતન્યનો આદર મંગળપ્રાપક છે. નવકાર પાપની રૂચિ અને પુણ્યની અરૂચિ ટાળી આપે છે, તેથી દુઃખનો નાશ અને સુખનો લાભ નિશ્ચિત બને છે.

## મંત્રની યોજનાશક્તિ ચરીતે...

વિચારોની કેન્દ્રિતતા અને ઇચ્છાશક્તિની જળવતા.
નામ અને રૂપ યોજનાને અભિવ્યક્ત ગ્રહણ કરે છે તથા
તે આવરણ યોજનાને આવૃત્ત ગ્રહણ કરે છે.
અન્ય સાધનાઓમાં કેવળ સાધકની શક્તિ કામ કરે છે,
મંત્રસાધનામાં સાધકની શક્તિની સાથે મંત્રશક્તિ ભળે છે.
બંનેનું તાદાત્મ્ય થવાથી શક્તિની માત્રા વધી જાય છે.

નમસ્કાર એ શ્રુતરૂપ છે.

શ્રુતોપયોગરૂપ આત્મપરિણામ આત્મહિતપરિણા અને
ભાવસંવરાદિ બહુ પ્રકારના લાભવાળો છે, તેથી
શ્રુતાત્મક નમસ્કારના ઉપયોગથી કર્મક્ષય થાય છે.
નમસ્કારના ઉપયોગથી પ્રતિ સમય કર્મનો ક્ષય
થતો હોવાથી તેને સર્વ કાર્યોમાં મંગળરૂપ અને
વિઘ્નવિનાશના અપ્રતિમ કારણ તરીકે માનેલ છે.
નમસ્કારની ચૂલિકામાં નમસ્કારનું ફળવર્ણન કરીને
નમસ્કારની ક્રિયાની ઉપબૃંહણા કરવામાં આવી છે.

નમો અરિહંતાણં । જાપથી આપણા શુદ્ધ આત્મસ્વરૂપની ભક્તિ, બોધ અને પરિણતિ થાય છે.

'અરિહં' એ આત્માનું શુદ્ધ સ્વરૂપબોધક પદ છે. તેની ભક્તિ 'નમો' અને પરિણતિ 'તાણં' પદ વડે થાય છે. આમ શુદ્ધાત્મસ્વરૂપનો બોધ, ભક્તિ અને પરિણતિ-નવકારના પ્રથમ પદના જાપ અને ધ્યાન વડે સધાય છે.

નમો અરિહંતાણં । પદ તીર્થને તથા તત્ત્વમસિ । પદ તત્ત્વસ્વરૂપને જણાવે છે. તત્ત્વની પ્રાપ્તિ તીર્થથી થાય છે.

તીર્થ ઉપગ્રહકારક છે, તત્ત્વ ઉપયોગસ્વરૂપ છે.

'નમો અરિહંતાણં' માં...

નમો - ધ્યાતા - સમ્યગ્દર્શન.

અરિહં - ધ્યેય - સમ્યગ્જ્ઞાન.

તાણં - ધ્યાન - સમ્યક્ચારિત્ર.

સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ।

રત્નત્રયયુક્ત આત્મા એ અર્હં છે.

તેનું ધ્યાન એ આત્મધ્યાન છે અને એ જ પરમનિધાન છે.

## નમસ્કાર એ શેનું પ્રતીક ?

નમસ્કાર એ ગુણગ્રાહકતાનું પ્રતીક છે.

મનુષ્ય ગુણગ્રાહક છે, તેની પ્રતીતિ કરાવે છે નમસ્કારક્રિયા.

પોતાથી ગુણમાં અધિક શ્રેષ્ઠ પુરુષોને નમસ્કાર નથી,

ત્યાં એમ માનવું કે...

ગુણગ્રાહકતા, હૃદયની ભાવુકતા, પરિણામની કોમળતા,

ભાવોની સરળતા કે નમ્રતા કે આત્માની વિશુદ્ધિ

હજુ સુધી પ્રાપ્ત થઈ નથી.

નમસ્કારથી હૃદયની વિશાળતા, ભાવોની ઉદારતા,

અધ્યવસાયની ઉજ્જ્વળતા અને

પરિણામોની નિર્મળતા સધાય છે.

નમસ્કાર નમ્રતા, સરળતા, ઉદારતાદિનું પ્રતીક છે.

તેનું ફળ શાંતતા, પ્રસન્નતા, નિર્વૈરતા,

નિર્ભયતા, નિશ્ચિંતતાદિ શુભ ભાવોમાં આવે છે.

જ્યાં ગુણી પુરુષોને નિત્ય નમસ્કાર થાય, ત્યાં સદા

નિર્મળતા, ઉદારતાદિ ગુણો આપોઆપ આવે જ છે.

'નમો' એ સમ્યગ્દર્શન અર્થાત્ તત્ત્વરૂચિરૂપ છે,
'અરિહં' એ સમ્યગ્જ્ઞાન અર્થાત્ તત્ત્વબોધરૂપ છે તથા
'તાણં' એ સમ્યક્ચારિત્ર અર્થાત્ તત્ત્વપરિણતિરૂપ છે.
તત્ત્વ તે આત્માનું શુદ્ધ સ્વરૂપ છે.
અશુદ્ધ સ્વરૂપ હેય છે, તેથી અતત્ત્વરૂપ છે.
શુદ્ધ સ્વરૂપ ઉપાદેય છે, તેથી તત્ત્વરૂપ છે.
નવકારનું પ્રથમ પદ નમો અરિહંતાણં શુદ્ધ સ્વરૂપની
ઉપાદેયતા, આદરણીયતા, પૂજ્યતા અને તારકતા સૂચવે છે,
તેથી ભક્તિવર્ધક છે, જ્ઞાનવર્ધક છે, પરિણતિવર્ધક છે.
આત્માના શુદ્ધ સ્વરૂપની રૂચિ, બોધ અને પરિણતિ
એ જ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ છે,
તેમ 'નમો અરિહંતાણં !' પદ સ્વરૂપ પણ છે.
નવકારનું પ્રથમ પદ અને તત્ત્વાર્થનું પ્રથમ સૂત્ર
એક જ અર્થને કે વસ્તુને કહે છે.
નવકાર મંત્રનું પ્રથમ પદ છે અને તે
આત્મામાં રહેલા ગુણોનું પ્રદર્શક તત્ત્વાર્થનું પ્રથમ સૂત્ર છે.

## મંત્રનું અર્થચિન્તન એટલે શું ?

મનમાં ઇષ્ટદેવનું સ્વરૂપ લાવવું, તે જ મંત્રાર્થચિન્તન છે.
મંત્રનું ઉચ્ચારણ, મંત્રની મધુરતાનો આસ્વાદ અને
મંત્રના અર્થચિન્તનથી જ જાપની પૂર્ણતા થાય.
નામ લેતી વખતે જો લક્ષ જોડાય,
પ્રભુની એકતા સધાય, રસાસ્વાદ અનુભવાય,
તો એનું ફળ ડગલે અને પગલે મળે છે.
એ રીતે થતાં નામનું ઉચ્ચારણ
દેહકલ્યાણ અને આનંદ પ્રેરનાર બને છે.
મંત્રજાપ દ્વારા જાતમાં સ્વજાતને જોતાં શીખાય છે.
મંત્રના ઉચ્ચારણમાં વાગિન્દ્રિય, પ્રભુશક્તિ, રસનેન્દ્રિય
- એમ ત્રણે ઇંદ્રિયો વડે મનની એકતા સધાય છે.
'નમો અરિહંતાણં ।' એ મંત્ર છે.
'મંત્ર' શબ્દનો અર્થ એ છે કે:
જીવનના વૈભવનું મનન, સંકોચ વડે થયેલા ભયથી રક્ષણ
અને સંકલ્પ - વિકલ્પને શમાવી આપે તે 'મંત્ર'.

અરિહંતના ઉપયોગયુક્ત આત્મા ફક્ત અરિહંત નામનો જ માત્ર ઉચ્ચાર કરતો નથી, પરંતુ દ્રવ્યથી, ગુણથી અને પર્યાયથી અરિહંતસ્વરૂપ બને છે.

'નમો + અરિહંતા + ણં ।'

અરિહંત = પરમાત્મતત્ત્વ, એમાં 'નમઠ' એટલે ડૂબી જવું.
પછી વિભક્તિથી પ્રભુમાં ડૂબી જવું,
એટલે એ સમાપત્તિ રૂપ બની જશે.

આ રીતે ધ્યાતા - ધ્યેય - ધ્યાનની એકતા સાધી શકાય છે.
(૧) અરિહંત પરમાત્મા જે આપણું તત્ત્વ છે,
(૨) તેમાં નમઠ = લક્ષ્યપૂર્વક (૩) તન્મય થઈ જવું. આમ
(૧) જ્ઞાન (૨) દર્શન (૩) ચારિત્ર પણ નિશ્ચયથી ઘટે છે.

'અરિહંત પરમાત્મા હૃદયમાં જ્યોતિરૂપે બિરાજમાન છે'
એ કલ્પના સાથે પરમાત્માને જોઈને
બહુમાનપૂર્વક નમવાનો લક્ષ કરવો.
એ રીતે નવકારના પ્રથમ પદનો જાપ કરવામાં આવે,
તો પણ અધિક આહ્લાદ ઉપજે છે.

'નમો' પદ તત્ત્વરુચિ અર્થમાં,

'અરિહં' પદ તત્ત્વબોધિ અર્થમાં તથા

'તાણં' પદ તત્ત્વપરિણતિ અર્થમાં લઈ શકાય છે.

તત્ત્વ તે શુદ્ધ આત્મા છે, તેની રુચિ તે સમ્યગ્દર્શન છે, આત્માનો બોધ તે સમ્યગ્જ્ઞાન તથા તેની પરિણતિ તે સમ્યક્ચારિત્ર છે. આ નિશ્ચયનયનો વિચાર/માન્યતા છે. તેને હૃદયમાં ધારણ કરીને પ્રથમ પદનો જાપ કરવાથી મોક્ષમાર્ગની આરાધના થાય છે.

બીજી રીતે - 'નમો' પદથી ધ્યાતા (અંતરાત્મા),

'અરિહં' પદથી ધ્યેય (અરિહંત પરમાત્મા),

'તાણં' પદથી ધ્યાન (એકતાનતા) તથા

સમગ્ર પદથી ત્રણેની એકતારૂપી સમાપત્તિ.

તે સમાપત્તિથી આપત્તિ અને સંપત્તિ થાય છે.

પ્રવચનસારમાં કહ્યું છે કે:

'જે અરિહંતને દ્રવ્ય-ગુણ અને પર્યાય રૂપે જાણે છે, તે આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે.'

## પ્રથમ પદનો અતિ ગૂઢ અર્થ

(૧) નમવું = પરમાત્મતત્ત્વમાં ડૂબી જવું.

(૨) નમવું = નિજતત્ત્વમાં ભક્તિપૂર્વક તન્મય થઈ જવું.

(૩) નમવું = હૃદયગુફામાં જ્યોતિરૂપે બિરાજમાન અરિહંત પરમાત્માને બહુમાનપૂર્વક નમવાનો ભાવ કરવો.

'નમો અરિહંતાણં!' પદ વડે અરિહંતના ધ્યાનમાં ડૂબી જવું.

અરિહંત તે નિજસ્વરૂપ છે,
તેમાં ભક્તિપૂર્વક તન્મય થઈ જવું.

હૃદયમાં જ્યોતિરૂપે બિરાજમાન અરિહંત પરમાત્માને જોઈને બહુમાનપૂર્વક તેમને નમવાનો ભાવ કરવો.

શુભ પરિણામ મૈત્ર્યાદિ ભાવોને કહેવાય છે.

### નવકારનું સ્મરણ પણ યથાર્થ ફળ ક્યારે આપે?

ચાર ભાવનાઓ સાથે હોય તો જ.

વિધિના રાગી અવિધિનો દ્વેષ હોય પણ
નવકારના સ્મરણ વખતે જો મૈત્ર્યાદિ ભાવ ન હોય,
તો તે અનુષ્ઠાનનો કોઈ જવાબ નહિ.

# નમો અરિહંતાણં ।

અરિહંત તે જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ વસ્તુ છે. નમો પદ વડે શુદ્ધસ્વરૂપમાં ઉપયોગની એકતા સધાય છે. તે વડે જીવ પોતાનું દેહાદિથી અને રાગાદિથી ભિન્ન એવું શુદ્ધ સ્વરૂપ અનુભવે છે. ઉપયોગની અશુદ્ધતા એટલે રાગાદિ સાથે એકતા - વિભાવપરિણમન અને ઉપયોગની શુદ્ધતા એટલે જ્ઞાનાદિ સાથે એકતા - સ્વભાવપરિણમન. અશુદ્ધ પરિણતિ - વિભાવ તે બંધનું કારણ અને શુદ્ધ પરિણતિ - સ્વભાવ તે મોક્ષનું કારણ. 'નમો અરિહંતાણં ।' પદ વડે શુદ્ધ પરિણતિ ઉત્પન્ન થવાથી તે મોક્ષનો હેતુ છે. આનંદનો સાગર શુદ્ધ આત્મા છે. તેમાં ડૂબકી મારવાનું સાધન નમો છે.

નમસ્કાર = હૃદયનો વિકાસ અને બુદ્ધિનો સંકોચ.

તે બન્ને સર્વ કોઈને પ્રિય છે.

નમસ્કારભાવ વડે બુદ્ધિ પરિશુદ્ધ થઈ સંતુલિત બને છે

સમ્યગ્બુદ્ધિ તત્ત્વનો પરિચય કરી શકે છે.

# નમસ્કાર અને મૈત્રીભાવ

નમસ્કારથી સ્નેહ અને મૈત્રીના અભાવરૂપ પાપ જાય છે અને પ્રમોદ અને સ્નેહના સદ્‌ભાવરૂપ મંગળ આવે છે. મૈત્રીનો અભાવ તે પાપ છે અને સ્નેહનો સદ્‌ભાવ તે ધર્મમંગળ છે. નમસ્કાર સમસ્ત સત્ત્વવિષયક સ્નેહ-પરિણામને વિકસાવે છે અને અસ્નેહ અટકાવે છે.

નમો શબ્દ ન + મન અર્થાત્ ઉન્મનીભાવનો વાચક છે, નમો નામની ચક્રવર્તી ચાલ વડે આત્માના સદ્‌ગુણોનું, સદાચારોનું અને સદ્‌વસ્તુઓનું મૂલ્યાંકન થાય છે. મૂલ્યાંકન થવું = હેયની હેયતા, ઉપાદેયની ઉપાદેયતા અને ઉપેક્ષણીયની ઉપેક્ષાનો નિર્ણય થવો તે.

બીજ જે ભૂમિ ઉપર નખાઈ પડે છે, તે ભૂમિનો ટેકો લઈને જ તે ઉગે છે, તેમ નામ અને રૂપ જીવને બંધનમાં પણ નાંખે છે અને નામ અને રૂપ દ્વારા જીવ મોક્ષ પણ પ્રાપ્ત કરે છે. નામ - રૂપ વડે જે સાધના થાય, તે 'મંત્રયોગ' કહેવાય.

# અરિહંતોની આજ્ઞાનું માહાત્મ્ય

આજ્ઞા એ આજ્ઞાકારક અને આજ્ઞાપાલક -

એમ ઉભયથી કથંચિત્ અભિન્ન છે.

આજ્ઞા, ઉપદેશ, આગમ, પ્રવચન,

શ્રુત, સિદ્ધાંત, સૂત્ર, ગ્રન્થ આદિ એકાર્થક નામો છે.

આજ્ઞારહિત અનુષ્ઠાન પલાલપુંજ = ઘાસના સમૂહ જેવું છે,

આજ્ઞાસહિત અનુષ્ઠાનમાં આજ્ઞાકારક ઉપર ભક્તિ તથા

આજ્ઞાપાલન પ્રત્યે નિષ્ઠા જાગે છે.

આજ્ઞાકારક અરિહંતોનો ત્રણ પ્રકારે ઉપકાર છે:

(૧) ગુણપ્રકર્ષરૂપતા આદર્શરૂપે મંગળ છે.

(૨) માર્ગદેશકતા માર્ગદર્શકરૂપે ઉત્તમ છે.

(3) માર્ગરૂપતા આલંબનરૂપે શરણ્ય છે.

અરિહંત પ્રભુ આપણને...

દર્શન - પૂજનાદિ તથા ઘોર તપશ્ચર્યાદિ વડે

આલંબનનો વિષય અને આદર્શ પૂરો પાડે છે અને

આગમાદિના દાન વડે આલંબનની પ્રેરણા પૂરી પાડે છે.

# મોક્ષ - વિનય - શુદ્ધિનું જ્ઞાન : નમો

નમો મંત્ર એ મોક્ષ, વિનય અને પુષ્ટિ - શુદ્ધિનું જ્ઞાન છે.
તેમાં મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિસાધક મુનિવરોને
નમન થતું હોવાથી નમો મુક્તિનું સંબંધ જ્ઞાન છે.
મતિ, શ્રુતિ, અવધિજ્ઞાન, મનઃપર્યવ અને કેવળજ્ઞાનને
ધારણ કરનાર મહર્ષિઓને પ્રણામરૂપ હોવાથી
નમો મંત્ર એ વિનયનું મહદ જ્ઞાન છે.
તપ - સંયમસાધક યોગોને સાધનાર તપસ્વી અને
સંયમી મહામુનિઓને નમસ્કાર રૂપ હોવાથી
નમો એ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ અને શુદ્ધિનું જ્ઞાન છે.
શાંતિ = કષાયોનો ઉપશમ, તુષ્ટિ = વિષયોનો વૈરાગ્ય,
પુષ્ટિ = પુણ્યનો ઉપચય, શુદ્ધિ = ઘાતિકર્મોના ક્ષય.
અરિહંતનો નમસ્કાર મોક્ષમાર્ગ બતાવનારને નમસ્કાર છે.
સિદ્ધોનો નમસ્કાર સાક્ષાત્ મોક્ષપદને વરેલાને નમસ્કાર છે.
આચાર્ય - ઉપાધ્યાય - સાધુનો નમસ્કાર
મોક્ષમાર્ગ અને તેને સાધનારને નમસ્કાર છે.

## પ્રભુ આપણને શેના વડે શું આપે છે ?

પ્રભુ નામાદિ વડે આલંબન (શરણ) આપે છે,
તીર્થ વડે ઉપદેશાદિ (લોકોત્તમતા) આપે છે,
સાધના અને સિદ્ધિ વડે (મંગળ) આદર્શ આપે છે.

વળી પ્રભુ આપણને
આલંબન, ઉપદેશ અને આદર્શ આપે છે અને
તેના ફલસ્વરૂપ શુક્લધ્યાન અને સદ્ગતિ પણ આપે છે.
આ વસ્તુઓ આપવાની શક્તિ માત્ર પ્રભુમાં છે, તેથી
પ્રભુ લોકોત્તમ છે, મંગળમય છે, શરણભૂત છે.
પ્રભુ ગુણપ્રકર્ષવાન હોવાથી મંગળમય છે,
મોક્ષમાર્ગદર્શક હોવાથી લોકોત્તમ છે અને
નામાદિ વડે આલંબનદાયક હોવાથી શરણભૂત છે.

## મંત્રસિદ્ધિ એટલે...

**મંત્રશક્તિની સાથે સાધકની શક્તિનું તાદાત્મ્ય.**

તાદાત્મ્યનો અર્થ છે કે : વેદ્ય, વેદક અને વિદ્યાની
અથવા તો સાધક, મંત્ર અને દેવતાની એકરૂપતા.

## પંચ પરમેષ્ઠિ નમસ્કાર શું કરે છે?

પંચ પરમેષ્ઠિ નમસ્કાર એ પાપનું શોધન કરે છે અને
પુણ્યાનુબંધી પુણ્ય - સમ્યગ્દર્શન ગુણનું પોષણ કરે છે.
નમો એ મુક્તિ - મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ સાધકને
નમસ્કાર રૂપ હોવાથી રાગાદિ શમે છે,
જ્ઞાનાદિ વધે છે અને ક્ષમાદિ પુષ્ટ થાય છે.
સંભેદપ્રણિધાન તે મંત્રાર્થની પ્રાપ્તિ અને
અભેદપ્રણિધાન તે મંત્રચૈતન્યની જાગૃતિ છે.
શબ્દ સાથે અભેદ તે મંત્રાર્થ સંભેદ અને
મંત્રના અભિધેય સાથે અભેદ તે અભેદપ્રણિધાન છે.
અરિહંતો ઉપકારમાં 'વ્યાપારવત્કારણ' છે.
સિદ્ધો સ્વરૂપસત્કારણ છે.
વિશેષ ઉપકાર વ્યાપારવત્કારણથી થાય અને
સામાન્ય ઉપકાર સ્વરૂપસત્કારણથી થાય.
અરિહંતો ગુણવાન છે. ગુણવાન પુરુષ ગુણ કરે જ.
ગુણ કરવાના સ્વભાવના કારણે જ 'ગુણવાન' કહેવાય.

## શ્રી નમસ્કાર મહામંત્રના અર્થ પાછળનું રહસ્ય

મંત્રની પાછળનું રહસ્ય સમજ્યા વગરનો મંત્ર મિથ્યા છે.
મંત્ર એ શબ્દદેહ છે. તેનો અર્થ સમજીને બોલતાં
એક પ્રચંડ શક્તિ પેદા કરી શકે છે.

વિચારશક્તિના બળ વડે મનુષ્ય ઘણું કરી શકે એમ છે,
પરંતુ એને ખીલવતાં તથા બળવાન કરતાં વિચારશક્તિના
મૂળ સ્રોત પરમ ચૈતન્યનો આશ્રય લેવો જોઈએ.
શબ્દ અને અર્થ બંને અવિભાજ્ય છે. શબ્દ સ્થૂલ-
વાણીનું સ્પંદન છે, અર્થ વિચારનું સ્પંદન પેદા કરે છે.
મંત્રમાં શબ્દ અને અર્થ બંને સમાયાં છે, તેથી તેમાંથી
વાણી અને વિચાર એમ બંને સ્પંદનો પેદા થાય છે.
મંત્રમાં વિચાર અને અર્થ મુખ્ય છે, ભાષાનું મહત્ત્વ નથી.
મહત્ત્વ છે મંત્ર અને તેની પાછળની ભાવનાના જોડાણનું.

મંત્ર એ કેવળ વાણીનો વિચાર નથી, કિન્તુ
તેની પાછળ વિચારનું બળ અને વિચારનું આંદોલન છે.
શબ્દ અને વિચાર અથવા અર્થને ગાઢ સંબંધ છે.

# ભેદાભેદ રત્નત્રય

જ્યારે નમસ્કાર મંત્રનું ચૈતન્ય પ્રકટે,
ત્યારે તેમાંથી ત્રણ શક્તિઓ વિકસે છે:
જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ, ક્રિયાશક્તિ.
જ્ઞાનશક્તિના વિકાસથી સર્વ જીવો આત્મસમ લાગે છે,
ઇચ્છાશક્તિના વિકાસથી સર્વ જીવોના સુખની ઇચ્છા
પોતાના સુખ જેટલી જ ઉત્પન્ન થાય છે તથા
ક્રિયાશક્તિના વિકાસથી સર્વ જીવો સાથે
આત્મતુલ્ય વર્તન કરવાની શક્તિ પેદા થાય છે.
આ વ્યવહાર રત્નત્રયી છે.
તેના સાધક અભ્યાસથી નિશ્ચય રત્નત્રય
એટલે કે અભેદ રત્નત્રયી પ્રાપ્ત થાય છે.
તેના પ્રભાવે શુદ્ધ આત્મતત્ત્વનું જ્ઞાન - રુચિ - પરિણતિ
પેદા થાય છે. આત્મામાં પરમાત્મપદનું જ્ઞાન - દર્શન -
ચારિત્ર, બોધ - રુચિ - પરિણતિ અને પરંપરાએ સકલ
કર્મ નિર્મુક્તિ રૂપી અંતિમ મુક્તિ પદ પ્રાપ્ત થાય છે.

## પાંચ પરમેષ્ઠિ તત્ત્વોની સાથે અભેદસાધન

(૧) જે સમયે આત્મસાધનમાં પ્રવૃત્ત હોય,
તે સમયે તે સાધક સાધુ થયો, સાધુત્વથી અભેદ થયો.

(૨) ઉપાધિને દૂર કરી આત્માનું અધ્યયન કરે,
ત્યારે ઉપાધ્યાયથી અભેદ થયો અને
સાધનાનું કાચાપણું દૂર થઈને અધ્યયનનું લીલાપણું આવ્યું.

(૩) જે સમયે જ્ઞાન - દર્શન - ચારિત્રના આચરણમાં
પ્રવૃત્તિ થઈ, તે સમયે આચાર્યપદમાં અભેદ થયો.

(૪) જે સમયે જ્ઞાનાવરણાદિ ઘાતીકર્મ રૂપી અરિ - વૈરિ -
દુશ્મનને હણ્યાં, તે સમયે અરિહંતતત્ત્વથી અભેદ થયો.

(૫) જે સમયે પ્રતાપ - તેજ વધ્યાં અને
સમગ્ર પુદ્ગલરાશિને ધ્યાનરૂપી અગ્નિમાં પ્રજાળ્યા,
તે સમયે સિદ્ધતત્ત્વથી અભેદ થયો.

નમો પદ એમ જણાવે છે કે જે કોઈ વસ્તુઓ મળી છે,
તે બધી તેમના અનુગ્રહથી જ મળી છે.
એના સ્વીકારમાંથી પ્રગટતી નમ્રતાને જણાવનાર નમો પદ છે.

## ૧૨ નવકાર કેમ ગણવાના ?

કેલેન્ડરે ૧૨ છે, ઘડીયાળના અંક પણ ૧૨ છે, ઘડીયાળના ત્રણે કાંટાઓ ૧૨ અંક સુધી ફરીને પૂર્ણ થાય છે, તે એમ સૂચવે છે કે ત્રણ શલ્યરૂપી કાંટાઓ દૂર કરીને ૧૨ નવકારમાં રહેલા કૈવલ્ય પૂર્ણતા પ્રાપ્ત થાય છે. ૩ કાંટાઓ રૂપી ૩ શલ્ય જવાથી જ્ઞાનાદિ ૩ ગુણરત્નોની ઉત્પત્તિ થાય છે, જેનાથી યુક્ત બનીને ૧૨ અંક રૂપી ૧૨ નવકારમાં રહેલ કૈવલ્ય પૂર્ણતાસ્વરૂપ પરમપદ મળે છે. ૧૨ કલાકે સૂર્ય અસ્ત પામી શૂન્યસ્વરૂપ ધારણ કરે છે. ચંદ્ર પણ રાત્રે ૧૨ કલાકે પૂર્ણ થાય અને રાત્રિ પૂરી થાય છે. મહિના તથા કાળચક્રના આરા પણ ૧૨ છે.

૧૨ના આધારે વિશ્વતંત્રનું સંચાલન છે.

દરેક લોકોની મનોવૃત્તિઓ ૧૨ અંકમાં જ સફળ બને છે. કોઈપણ કાર્યની આદિ-અંતમાં ગણેલા ૧૨ નવકાર કાર્યમાં આવતાં વિઘ્નોની શૂન્યતા, કાર્યમાં સફળતા અને તે વડે કાર્યમાં પૂર્ણતા લાવીને પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે.

નિમ્નલિખિત રીતે આપણી પ્રત્યેક ધર્મક્રિયામાં તત્ત્વથી
પાંચે પરમેષ્ઠિઓ રહેલા છે:

(૧) પ્રત્યેક ધર્મક્રિયાના કોઈ દર્શક - પ્રેરક હોય છે.
અરિહંત.

(૨) પ્રત્યેક ધર્મક્રિયાનું પ્રયોજન અવિનાશીપદની પ્રાપ્તિ છે.
સિદ્ધ.

(3) પ્રત્યેક ધર્મક્રિયા સદાચાર સ્વરૂપ હોય છે.
આચાર્ય.

(૪) પ્રત્યેક ધર્મક્રિયાની પાછળ શ્રુતજ્ઞાનનું બળ હોય છે.
ઉપાધ્યાય.

(૫) પ્રત્યેક ધર્મક્રિયા આત્માને સહાયરૂપ, સુખરૂપ હોય છે.
સાધુ.

પ્રત્યેક ધર્મક્રિયામાં પાંચે પરમેષ્ઠિ
જેમના ગુહ્ય અને કાર્યો છુપાયેલા છે, તેથી તેમાં આવતાં નવાં કર્મને રોકવાની, જુના કર્મને ખપાવવાની અને અદ્ભૂત શુભાકૃતિઓને કરવાની શક્તિ રહેલી છે.

'નમો' મંત્ર એ પ્રત્યેક આત્મે ભાવસંકોચ રૂપ હોઈને
ધર્મ, અર્થ, કામ, મોક્ષરૂપ ચારે પુરુષાર્થોને આમંત્રણ છે.
'નમસ્કાર' એટલે કામનારહિત થઈ કર્મનો ક્ષય કરવો.
નમસ્કાર વડે જ મુક્તિ તથા સ્વર્ગ ઉપલબ્ધ કરાઈ રહ્યાં છે.
નમસ્કાર પ્રણિપાતરૂપ છે. મન-વચન-કાયા ત્રણેનો
એકી સાથે આત્મતત્ત્વમાં નમસ્કાર વડે સંનિપાત થાય છે.
મનને બહિર્મુખતાનો ત્યાગ કરાવી અંતર્મુખતામાં ભાવનાર
અને તે દ્વારા પરમાત્મસન્મુખ કરનાર કોઈ હોય, તો તે
'નમો' છે, જે દ્વારા મનને ઇચ્છારહિત બનાવાય તથા
અનૈચ્છિક બનવાથી તે નિર્બળ - Negative બને અને
આત્માને પ્રબળ - Positive ઐચ્છિક બનાવવામાં આવે છે.

આત્માની ઇચ્છામાં મનની ઇચ્છાનું મિશ્રણ થાય,
તેથી આત્મતત્ત્વ સ્વયંભૂ શુભ કાર્ય કરવા લાગે છે.
'નમો' વડે મન-વચન-કાયાને સ્થિર કરાય છે,
'અરિહંતાણં' વડે મનને આત્મધ્યાને સ્થાપવામાં આવે
અને તેના સતત જાપ વડે આત્મરમણતા કરાય છે.

## નમસ્કાર મંત્ર એ મહામંત્ર શાથી?

(૧) તે ઉભયલોકમાં ફળદાયી - અંતે મોક્ષદાયક છે.
(૨) સર્વ શાસ્ત્રના પ્રારંભે અવશ્ય સ્મરણ કરવાલાયક છે.
(૩) શાસ્ત્રપારગામીને પણ અંતકાળે યાદ કરવા લાયક છે.
(૪) બધી વસ્તુઓમાં ફેરફાર થાય પણ નમસ્કાર મંત્ર ત્રણે કાળ અફર રહી શબ્દ - અર્થ ઉભયથી શાશ્વત છે.

ચિત્તને ચિતિસ્વરૂપમાં પહોંચાડવાનું કાર્ય
જેનાથી થાય છે, તે પરમ તેજને નમસ્કાર છે.
તે તેજ કેવું છે? નિરાલંબ, નિષ્પ્રપંચ, શાન્ત, શિવ અને
સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેને મારા નમસ્કાર થાઓ.


## મંત્રચૈતન્યનું અદ્‌ભુત માહાત્મ્ય

સાધકની ચેતના મંત્ર ક્રમશ: વાણી રૂપ લઈ લે છે.
'પ્રારંભમાં અભિવ્યક્તિ દુર્બલ રહે છે,
ધીમે ધીમે દૃઢ થતી જાય છે.'
એનો અર્થ થાય છે: બાલશિવની યુવાવસ્થા.
મંત્ર માત્ર ચૈતન્ય યા વિશાળસ્વરૂપ છે.

# નવકાર મંત્રનો છંદ

સુખકારણ ભવિયણ, સમરો નિત નવકાર;
જિનશાસન આગમ, ચૌદ પૂરવનો સાર. ...(૧)
એ મંત્રનો મહિમા કહેતાં ન લહું પાર;
સુરતરુ જિમ ચિંતિત, વાંછિત ફલ દાતાર. ...(૨)
સુર - દાનવ અને માનવ, સેવા કરે કરજોડ;
ભુવિ મંડલ વિચરે, તારે ભવિયણ કોડ. ...(૩)
સુરછંદે વિલસે, અતિશય જાસ અનંત;
પદ પહેલે નમિયે, અરિ ગંજન અરિહંત. ...(૪)
જે પનરે ભેદે, સિદ્ધ થયાં ભગવંત;
પંચમી ગતિ પહોંચ્યા, અષ્ટ કરમ કરી અંત. ...(૫)
કલ - અકલ સરૂપી, પંચાનંતક તેહ;
જિનવર પાય પ્રણમું, બીજે પદ વળી એહ. ...(૬)
ગચ્છભાર ધુરંધર, સુંદર શશિહર શોભે;
કરે સારણ વારણ, ગુણ છત્રીશે થોભે. ...(૭)

શ્રુત બહુ શિરોમણિ, સાગર જિમ ગંભીર;
ત્રીજે પદ નમીએ, આચારજ ગુણ ધીર. ...(૮)
શ્રુતધર ગુણ સાગર, સૂત્ર ભણાવે સાર;
તપવિધિ સંયોગે, ભાંગે અર્થ વિચાર. ...(૯)
મુનિવર ગુણ જુત્તા, કહિયે તે ઉવજ્ઝાય;
પદ ચોથે નમીએ, અહોનિશિ તેહના પાય. ...(૧૦)
પંચાશ્રવને જે ટાળે, પાળે પંચાચાર;
તપસી ને ગુણધારી, વારે વિષયવિકાર. ...(૧૧)
ત્રસ - થાવરના રક્ષક, લોકમાંહી જે સાધ;
ત્રિવિધે તે પ્રણમું, પરમારથ જિણે લાધ. ...(૧૨)
અરિ - કરિ - હરિ - સાયણિ, ડાયણિ - ભૂત - વૈતાળ;
સવિ પાપ પણાસે એ, વાધે મંગળમાળ. ...(૧૩)
ઈણ સમર્યાં સંકટ, દૂર ટળે તતકાળ;
ઈમ જપે જિનપ્રભસૂરિ, તેહના શિષ્ય રસાળ. ...(૧૪)



પ્રશ્ન: સાહેબજી, અમારે નવકાર જાપ ક્યાં સુધી કરવો?
ઉત્તર: તે આપોઆપ થવા લાગે ત્યાં સુધી! એકવાર તેમ થવા લાગે,
પછી નવકાર નામે દીપક સામે મિથ્યાત્વના ગાઢ અંધારને ય ઝૂકવું જ પડે!




શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ પદમાં ઘણું ઘણું રહસ્ય ભર્યું છે.
પૂર્વાચાર્યોએ તેને કેન્દ્રમાં મુખ્ય બનાવીને આખું આરાધના ચક્ર ગોઠવ્યું છે,
તેમાં તન્મય થવા પુરૂષાર્થ આદરવો.

www.fiestadesigns.in